RNI NO. GUJGUJ/2015/64872

# ધી ઓપન પેજ

વિદ્યાર્થીઓનુ પોતાનું શૈક્ષણિક સામાયિક

SINCE - 1968

Happy Holi

EDITOR: ARCHIT LABHUBHAI BHATT

MONTHLY NEWS PAPER

Vol.No-2, Issue No-8 | Ahmedabad, Sunday 05/03/2017 | www.theopenpage.co.in | Page -12 | Price: ₹30/- | Annual Subsription: ₹360/-

Place of Publication: Tripada Education Trust Madhuvrund Society, Ranna Park, Ghatlodia, Ahmedabad - 380061 • Phone No. 079-27621385/86

## આ અંકમાં શું વાંચશો?



હર્બલ રંગોથી ઉજવીએ હોળીનો આનંદ-અમુક સાવચેતીઓ સાથે ૨



ચાલો બાળકને કરીએ વહાલ 3



ઇલેક્ટ્રોનિક દુનિયા ૪




કેવી રીતે બનાવશો પેપર આઇસ્ક્રિમ કોર્ન ૫



ત્રીજો વાર્ષિક એજ્યુકેટર્સ એવોર્ડ વિજેતાઓના અનુભવો ૬-૭

# 'પ્રશ્ન' - જ્ઞાન પ્રાપ્તિનું ખૂબ મહત્વનું સોપાન



ભારતીય આધ્યાત્મ જગતમાં પ્રશ્નોનું ખૂબ મહત્વ છે. પ્રશ્નનાં ઉત્તરરૂપે જ આપણને રામાયણ અને શ્રીમદ્ ભગવદ્ગીતા જેવા ઉત્તમ ગ્રંથો પ્રાપ્ત થયા છે.

એક દિવસ માં ભવાની (પાર્વતી) શિવજીને પ્રશ્ન પૂછે છે. આપ, જેમનું નામ સ્મરણ કરો છો, એ રામ કોણ છે ?આ પ્રશ્નનાં ઉત્તર સ્વરૂપે શિવજી શ્રીરામનાં સમગ્ર જીવનની કથા કહે છે તે 'રામાયણ'. આમ રામ પણ એક પ્રશ્નોત્તરી (સંવાદ) ગ્રંથ છે.

કુરૂક્ષેત્રના મેદાનમાં અર્જુનના મનમાં મોહ જાગૃત થયો અને તેમણે શ્રીકૃષ્ણને મોહના નિવારણ માટે પ્રશ્નો પૂછ્યા. આ પ્રશ્નોત્તરીના પરિપાક સ્વરૂપે વિશ્વને એક અદ્ભુત ગ્રંથ પ્રાપ્ત થયો. "શ્રીમદ્ ભગવદ્ ગીતા"

શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયનો અજોડ ગ્રંથ શ્રી મુખવાણી એટલે "વચનામૃત" આ દિવ્યગ્રંથમાં પણ મુખ્યત્વે પ્રશ્નોત્તરી છે. ક્યારેક સ્વયં શ્રીજી મહારાજ પ્રશ્નો પૂછે છે. તો ક્યારેક સંતો અને હરિ ભક્તો પ્રશ્નો પૂછે છે. ફળ સ્વરૂપે સૌને પ્રાપ્ત થાય છે. અખંડ વહેતી જ્ઞાનગંગા.

આધ્યાત્મ જગતની વાત વિચાર્યા બાદ આવીએ વિજ્ઞાન જગતમાં. આજે વિશ્વમાં સૂક્ષ્મ ટાંકણીથી માંડીને વિરાટ વિમાન સુધીની શોધમાં સૌથી મહત્વની કોઇ બાબત હોય તો તે છે. 'પ્રશ્ન' સફરજનના વૃક્ષ નીચે બેઠેલા ન્યુટને ઝાડ પરથી સફરજન પડતું જોયું અને તેના મનમાં અનેક પ્રશ્નો ઉદ્ભવ્યાં. આ સફરજન આકાશમાં ઉડી કેમ ન ગયું. ? આમ તેમ ફંગોળાઇ કેમ ન ગયું. ? સીધુ નીચે જ કેમ પડ્યું. ? આવા અનેક પ્રશ્નોનાં પરિણામે ગુરૂત્વાકર્ષણ બળની શોધ થઇ અને અનેક નવી ચીજવસ્તુઓ શોધાઇ.

'પ્રશ્ન એ જ્ઞાનની જનેતા છે.' પ્રશ્નનું જીવનમાં જેટલુ મહત્વ આંકીએ તેટલું ઓછું છે. પ્રશ્નનું યથાર્થ મહત્વ આપણા ઋષિ-મુનિઓ સમજ્યાં હતા. આથી જ આપણા ૧૦૮ ઉપનિષદો પૈકી એક ઉપનિષદનું નામ 'પ્રશ્નોનિષદ' રાખવામાં આવ્યું છે. વિશ્વની તમામ શોધખોળનાં પાયામાં પ્રશ્ન છે. મનુષ્યના મગજમાં પ્રશ્ન ઉદ્ભવ્યો, તેનો ઉત્તર મેળવવા માટે રાતદિવસ સખત પ્રયત્નો કરવામાં આવ્યાં અને વિશ્વમાં અનેક નૂતન ચીજવસ્તુઓ આવિષ્કાર પામી.

પ્રશ્નનું મહત્વ છે. એ તો નિર્વિવાદ બાબત છે. પરંતુ પ્રશ્ન કેવો હોવો જોઇએ ?એ ચિંતનીય બાબત છે. પ્રશ્ન કેવો છે. ? તેનો આધાર પ્રશ્નકાર ઉપર રહેવાનો છે. પ્રશ્ન એ પ્રશ્નકારનું માનસિક પ્રતિબિંબ છે. પ્રશ્નની યોગ્યતા અને યથાર્થતાના આધારે પ્રશ્નકારનું પણ મૂલ્યાંકન કરી શકાય. મારી દૃષ્ટિએ પ્રશ્નકારની વૃત્તિના ત્રણ પ્રકારો પાડી શકાય.(૧) જિજ્ઞાસુ વૃત્તિ (૨) કસોટી વૃત્તિ અને (૩) ટીખળ વૃત્તિ.

માનવીની વિકાસયાત્રાનાં મૂળમાં 'પ્રશ્ન' છે. મનુષ્યના મનમાં અનેક પ્રશ્નો ઉદ્ભવ્યા, તેના પરિણામે લાખો ચીજવસ્તુઓની શોધ થઇ. પ્રશ્નનું મહત્વ છે. એ તો નિર્વિવાદ બાબત છે. પરંતુ 'પ્રશ્ન કેવો હોવો જોઇએ' એ ચિંતનીય બાબત છે. પ્રશ્ન એ પ્રશ્નકારનું માનસિક પ્રતિબિંબ છે. જિજ્ઞાસુ પ્રશ્નકાર જીવનમાં અનેક સિદ્ધિઓ પ્રાપ્ત કરે છે. જિજ્ઞાસુ પ્રશ્નકારનાં પ્રશ્નથી સમગ્ર વિશ્વને ફાયદો થાય છે.

★ **જિજ્ઞાસુ વૃત્તિ :** જિજ્ઞાસુ વૃત્તિથી પ્રશ્ન પૂછનાર "ઉત્તમ પ્રશ્નકાર" છે. તેમને જીવનમાં કશુંક નવું જાણવાની શીખવાની તમન્ના છે. તેમનાં પ્રશ્નમાં નમ્રતા અને જ્ઞાનપિપાસા, દૃશ્યમાન થાય છે. તે માત્ર પ્રશ્ન પૂછીને કે ઉત્તર સાંભળીને બેસી નથી રહેતો. પરંતુ પ્રશ્ન અને ઉત્તરને પોતાના તર્ક અને બુદ્ધિની એરણ પર ચડાવે છે. તેમાંથી જો નવો પ્રશ્ન ઉદ્ભવે તો તે પ્રતિપ્રશ્ન પૂછે છે. ઉત્તર સાંભળીને મનોમંથન કરે છે. પોતાની ભુલ સમજાય તો સુધારી લે છે. નવું શીખવા મળે તો તેનું એકાગ્રતા પૂર્વક ગ્રહણ કરે છે. જિજ્ઞાસુ પ્રશ્નકાર જીવનમાં ખૂબ સિદ્ધિઓ પ્રાપ્ત કરે છે. જિજ્ઞાસુ પ્રશ્નકારનાં પ્રશ્નથી સમગ્ર વિશ્વને ફાયદો થાય છે.

★ **કસોટી વૃત્તિ :** કસોટી વૃત્તિથી પ્રશ્ન પૂછનારને "સામાન્ય પ્રશ્નકાર" ગણી શકાય. સામેની વ્યક્તિની કસોટી કરવી, તેની જ્ઞાનની કસોટી કરવી. આવી માનસિકતા ધરાવનાર વ્યક્તિ પોતાની સંપૂર્ણ બુદ્ધિ અને શક્તિ અન્યની ચકાસણી કરવામાં વેડફી નાખે છે. સામેની વ્યક્તિ પાસેથી નવું જાણવા શીખવા મળે તેમ હોય છતાં તે પ્રાપ્ત કરી શકતી નથી. તે પોતાની કસોટી લેવાને બદલે સામેની વ્યક્તિની કસોટી લેવા સતત પ્રયત્નશીલ રહે છે. આવા પ્રશ્નકારને વ્યક્તિગત કોઇ જ લાભ થતો નથી.

★ **ટીખળ વૃત્તિ :** પ્રશ્નકારનો સૌથી નિમ્ન પ્રકાર એટલે "ટીખળ વૃત્તિ પ્રશ્નકાર" આ પ્રકારનો પ્રશ્નકાર પોતાની કે સામેની વ્યકિતની જ્ઞાન ચકાસણી કરતો નથી. તેનો એક માત્ર ઉદેશ્ય વાતમાં ભંગ પાડવાનો હોય છે. વર્ગખંડમાં શિક્ષણકાર્ય દરમિયાન આવા પ્રશ્નકારનો શિક્ષકે સામનો કરવો પડતો હોય છે. મોટા સમારંભો દરમિયાન પણ આવા પ્રશ્નકારો મળી આવે છે. જેઓ વક્તાનાં માત્ર જ્ઞાનની જ નહીં. પરંતુ સહનશીલતા અને ધીરજની પણ કસોટી કરી નાખે છે. દુ:ખની વાત એ છે કે આ પ્રશ્નકાર પોતાની સાથે અન્ય વ્યક્તિઓનો પણ કિમતી સમય બરબાદ કરે છે અને પોતે જીવનમાં કશું જ પ્રાપ્ત કરતા નથી. તુચ્છ પ્રશ્ન પૂછીને પોતાની ઉપસ્થિતિની નોંધ લેવડાવવામાં આવા પ્રશ્નકારો મનોમન ગૌરવ અનુભવતા હોય છે.

'પ્રશ્ન' એ જ્ઞાન પ્રાપ્તિનું ખૂબ મહત્વનું સોપાન છે. આથી શિક્ષણકાર્ય દરમિયાન પ્રશ્નોત્તરી દ્વારા વર્ગખંડ જીવંત બને તે અત્યંત આવશ્યક છે. વિદ્યાર્થીનાં મનમાં ઉદ્ભવતા પ્રશ્નોનાં ઉત્તર આપવા તે સારી વાત છે. વિદ્યાર્થીને પ્રશ્ન પૂછવા માટે પ્રેરિત કરવો તે તેના કરતાં પણ વધુ સારી વાત છે. વિદ્યાર્થીનાં મનમાં જે પ્રશ્ન ઉદ્ભવે, તેના ઉત્તર વિદ્યાર્થી સ્વયમ્ મેળવવા માટે પ્રયત્નશીલ બને તે માટે માર્ગદર્શન અને સંદર્ભ સાહિત્ય પુરૂં પાડવું તે સૌથી ઉત્તમ વાત છે. ખરૂં શિક્ષણ પણ આ જ છે. આથી જ આલ્બર્ટ આઇન્સ્ટાઇન કહે છે.

"હું શીખવતો નથી,
હું તો એવા સંજોગો પેદા કરૂં છું,
જેમાં વિદ્યાર્થી શીખતો થાય."

**શબ્દ સિંધુ**

પ્રશ્નથી પ્રારંભાયેલી
પગદંડી પૂર્ણતાએ પહોંચશે.



**રાજેશ ધામેલિયા**
**શિક્ષક, સુરત**

## ધોરણ ૧૦ અને ૧૨ના વિદ્યાર્થીઓએ પરીક્ષા ખંડમાં ધ્યાનમાં રાખવાની બાબતો..

માર્ચ મહિનો એટલે એસ.એસ.સી. અને એચ.એસ.સી.ની જાહેર પરીક્ષાઓ અને પ્રકૃતિમાં વસંતનો સુભગ સમન્વય. વસંતોત્સવ છોડી પરીક્ષોત્સવમાં મશગૂલ વિદ્યાર્થીઓ શાળા સૌની પરીક્ષાની સાથે સાથે પરિણામનીય ચિંતા વાલીઓને એ ચિંતા વધારે સતાવે.

પરીક્ષા એટલે વર્ષ દરમિયાન વિદ્યાર્થીએ કરેલી મહેનત તથા અભ્યાસની અભિવ્યક્તિ માટેનો ત્રણ કલાકનો મર્યાદિત સમય. વિદ્યાર્થીઓએ પરીક્ષાખંડમાં ધ્યાનમાં રાખવાની બાબતો.

- પ્રશ્નપત્ર મળતાની સાથે શાંતિથી એકવાર સમય ન બગડે તેમ જોઇ લઇ જરૂરી સૂચનાઓ અચુક વાંચવાની.
- જે પ્રશ્નનો જવાબ તમોને સાચો આવડતો હોય અને સફળ લાગતો હોય તેનો જવાબ ઉત્તરવહીમાં પહેલો લખવો.
- તમામ પ્રશ્નોના ઉત્તરો એકાગ્રતાપૂર્વક કાળજી રાખીને યાદ કરીને લખવા.
- સારા અક્ષરોથી તમામ મુદ્દાઓના મથાળા (Heading) લખી છૂટા છૂટા અક્ષરોથી પૂરતા ફકરાઓ પાડી ને જવાબ લખો.
- ઉત્તરવહીમાં જવાબ લખતી વખતે સ્વચ્છતા જાળવવી, બને ત્યાં સુધી છેકછાક કરવું નહી. ઉતાવળથી ખોટું લખાઇ જાય તો લખાણ પર એક લીટી કરી, તેને કેન્સલ કરવું.
- ઉત્તરવહી ઉપરની તમામ વિગતો પરીક્ષાનો સમય શરૂ થાય તે પહેલા સુવાક્ય અક્ષરોથી કાળજીપૂર્વક લખીને ચેક કરી લેવી. પૂરવણી લેતી વખતે પણ પોતાનો બેઠક નંબર, વિષય, વિષયકોડ, તારીખ, પૂરવણી નંબર વગેરે બાબતો સારા આક્ષરેથી લખ્યા બાદ જ પૂરવણીમાં લખવાનું શરૂ કરવું.
- પરીક્ષા ખંડમાં આમ તેમ ફાંફા મારવા નહી. અને વિદ્યાર્થીઓ સાથે ઇશારા કરવા નહી. MCQ ના દરેક વિદ્યાર્થીઓનો સેટ અલગ હોય છે. પ્રશ્નો અને આપેલ વિકલ્પનો ક્રમ પણ અલગ હોય છે. માટે આત્મવિશ્વાસ સાથે જવાબ લખો.
- પરીક્ષા બાદ ખરાબ પેપર ગયુ છે. તેની ચિંતા કરવી નહી. અને બીજા પેપરની સારી રીતે તૈયારી કરવી.
- પરીક્ષાની અંતિમ ક્ષણોમાં પૂરવણીઓ ક્રમ નંબર મુજબ ગોઠવી દોરીથી વ્યવસ્થિત રીતે બાંધી દેવી કોઇ પૂરવણી છૂટી પડી જાય નહી તેવી તકેદારી રાખવી. અને અંતે વિદ્યાર્થી મિત્રોએ હંમેશા યાદ રાખવું કે કરોળિયાનો પરિશ્રમ કરતો જાળ કરોળિયો, ભોંય પડી ગભરાય, વણતૂટેલે તાંતણે, ઉપર ચડવા જાય.

બેસ્ટ ઓફ લક..

**નિમિષા સથવારા**

# વિદાય લેતી વસંત અને ગ્રીષ્મનો પગરવ એટલે હોળી





ફાગણ મહિનો આવતાં જ અંતર મનમાં રંગોના વાદળાં ઘેરાવા લાગે છે. ખેતરો અને ગામની માટી અબીલ બની જાય છે. આપણાં સપના ગુલાલ બની જાય છે. આપણા તહેવારો ઋતુઓથી ગૂંથાયેલા છે. અને ઋતુઓ ફસલોથી ફાગણ મહિનો અને વસંતઋતુ સમીપ અને સાથે હોય છે. તો ધરતી સજી ધજી દુલ્હન બની જાય છે. આ દુલ્હનના સ્વાગત માટે અબીલ અને ગુલાલ લઈને ફાગણ ઉંબરે આવીને ઉભો રહી જાય છે.

આ ફાગણ મહિનો એટલે હોળીનો તહેવાર આપણાં દેશમાં હોળીનો તહેવાર ફાગણસુદ પૂનમનાં દિવસે ઉજવવામાં આવે છે. તે દિવસે સાંજે હોલિકા દહન કરવામાં આવે છે. હોલિકા દહનનું પર્વ સામાજિક બૂરાઈઓના વિનાશનું પ્રતિક છે. આ સમય દરમિયાન ખેતરમાં અનાજ પાકેલા કે અડધા પાકેલા હોય છે. તે અન્નને હોલા કહેવાય છે. તેમજ આ દિવસે જે અન્ન ખેતરોમાંથી પાકીને આવેલા હોય છે. તે નવા અન્નને હોલિકા દહનના અગ્નિમાં હવન કરીને પ્રસાદ લેવાની પરંપરા છે. આના પરથી જ આ પર્વનું નામ હોલિકાત્સવ પડ્યું છે.

હોળીનું પર્વ પ્રાચીન કાળથી જ આપણાં દેશમાં ઉજવવામાં આવતુ રહ્યું છે. આ કારણે સમયાનુસાર અનેક પૌરાણિક આખ્યાન આની સાથે જોડતા ગયા. સૌથી મુખ્ય આખ્યાન કથા ભક્ત પ્રહલાદ અને તેના પિતા હરિણ્યકશિપુ અને ફઇ હોલિકા સાથે સંબંધિત છે.

એ પૌરાણિક કથાના આધારે ભારતમાં હોલિકા દહન ઉજવવામાં આવે છે. આ હોલિકા દહનમાં આપણી અંદરના વેરભાવ રૂપી વિકારોનું દહન કરવાનું છે. અને આપણી અંદર રહેલા સદ્ભાવોને નિખારવાનાં છે.

આમ હોલિકા દહનના બીજા દિવસે હોળી રમવાની પરંપરા છે. તેને આપણે ધૂળેટી કહીએ છીએ. ધૂળેટીએ રંગોનો તહેવાર છે. તે દિવસે લોકો એકબીજા પર રંગ છાંટે છે. તેમજ જુદા જુદા રંગોના અને અબીલ ગુલાલનાં છાંટણા કરીને આ પર્વની વધાઈ આપે છે. આપણા દેશની આ એક વિશેષતા છે કે આપણા દરેક પર્વમાં એક મહત્વપૂર્ણ સંદેશ રહેલો હોય છે.

આ તહેવાર દ્વારા આપણે આપણા જીવનના સુંદર રંગોને પ્રકાશિત કરીએ. બીજા પર રંગ નાખવાનું તાત્પર્ય એ છે કે આપણી સાથે સાથે બીજાઓના જીવનમાં પણ સુંદરતા લાવીએ, એટલે કે આપણે પણ પ્રસન્ન તથા આનંદિત રહીએ અને બીજાઓને પણ ખુશ રાખીએ ધૂળેટીનું પર્વ માનવજીવનના ઉલ્લાસને વ્યક્ત કરવાનું માધ્યમ છે. એ પર્વ દરેક માણસ જુદી જુદી રીતે પોતાની અંદરના ઉલ્લાસને પ્રગટ કરે છે. આથી જ આપણા દેશના જુદા જુદા પ્રાંતોમાં જુદી જુદી રીતે હોળી ઉજવાય છે.

જુદા જુદા પ્રાંતોની હોળીમાં બરસાનાની લાઠીમાર હોળી પ્રખ્યાત છે. તે જોવા માટે મોટી સંખ્યામાં લોકો બરસાના જાય છે. એ દિવસે નંદગાવના ગોવાળિયાઓ હોળી રમવા રાધા રાણીના ગામ બરસાના જાય છે. અને લોકોના માર વચ્ચે હોળી રમે છે.

આ ઉપરાંત રાજસ્થાનમાં હોળીના અવસર પર અભિનય કરવાની પરંપરા છે. તે લોકો મંચ પર આવીને પોતાના પારંપરિક નૃત્ય તથા અભિનયનું પ્રદર્શન કરે છે.

આમ આ પર્વમાં સામાજીક ઉલ્લાસ પ્રદર્શિત થાય છે. બધા લોકો રંગથી એવા રંગાઇ જાય છે કે કોઇ વ્યક્તિ વિશેષની ઓળખ સમાપ્ત થઈ જાય છે.તેમને ઓળખવા મુશ્કેલ બની જાય છે. એ રીતે આ પર્વ નાતજાતનાં ભેદભાવ ભૂલી જઇને સામાજિક સમાનતાનો સંદેશ આપે છે.



નીલા મહેતા
શિક્ષક

# હર્બલ રંગોથી ઉજવીએ હોળીનો આનંદ-અમુક સાવચેતીઓ સાથે

દરેક તહેવારો આપણે ઉજવતા આવ્યાં છીએ. ઉજવણીની રીત ઘણી બદલાતી રહી છે. હોળી પણ તેમાનો એક તહેવાર છે. હોળી કેમ ઉજવવામાં આવે છે. તેનું મહત્વ અને પૌરાણિક કથાઓ બધીજ જાણકારી બધાને છે જ. પાણી બચાવવા માટે તિલક હોળી રમીને ઉજવવામાં આવે છે. પરંતુ કલર અને પાણીનો ઉપયોગ તો થાય છે, એના વગર હોળી અધુરી લાગે છે.

હોળી રંગોનો એવો તહેવાર છે, જ્યાં બધાને હોળી રમવી તો ગમે છે. પણ મનમાં ડર પણ હોય છે. કે કૃત્રિમ રંગો સાથે રમાતી હોળીથી બાદમાં સ્વાસ્થ્ય અને ત્વચા ખરાબ થઈ જશે. આ વાતને લીધે ઘણા લોકો હોળી રમવાનું ટાળે છે. કૃત્રિમ કલર બનાવવા માટે તેમાં ઉપયોગમાં લેવામાં આવતા કેમિકલથી ત્વચાની સાથે સાથે વાળ, હોઠ, આંખ અને નખને પણ નુકસાન થાય છે. વધારે પડતાં રંગ શરીરની અંદર જવાથી આંતરડાઓને પણ નુકસાન થઇ શકે છે.

## હોળી રમતા પહેલા રાખો આટલી સાવધાની

- રંગો સાથે રમવાની શરૂઆત કરતા પહેલા એ જોઇ લો કે તમે પહેરેલા કપડાં તમારૂ આખું શરીર ઢંકાઇ તેવા હોવા જોઇએ. શક્ય હોય તો કપડાની અંદર શરીરને ચોંટેલા રહે તેવા કપડાં પહેરશો તો સારૂં જેનાથી કલર શરીરની અંદર ઓછો જાય.
- શરીર પર તેલ, ક્રિમ કે મોઇશ્ચ્યુરાઇઝર લગાવી દેવુ જેથી કલરનો પ્રભાવ ઓછો થઇ જાય.
- વાળને કલરથી બચાવવા માટે માથામાં તેલ નાખીને રાખો જેનાથી કલર ઓછો ચોંટશે અને ધોવામાં પણ સરળતા રહે, અથવા તો તમે ટોપી પહેરીને પણ તમારા વાળ કવર કરી શકો છો.
- હોઠ પર લીપબામ, ઘી કે લીપજેલ લગાવેલા રાખવાથી ઓછુ નુકસાન થશે.
- નખ પર પણ વેસેલિન કે તેલ લગાવેલુ રાખો જેથી નખને પણ પૂરતા પ્રમાણમાં રક્ષણ મળે છે.



## વાપરો ઘરગથ્થુ વસ્તુઓ બનાવો ઇકો ફ્રેંડલી કલર

- કેમિકલ યુક્ત હોળીના રંગો નુકસાન કારક છે. તેની જગ્યાએ જો ઘરગથ્થુ વસ્તુઓ અથવા તો ઇકો ફ્રેંડલી બનાવેલા કલરથી હોળી રમીએ તો બધાના આનંદની સાથે સાથે ઉત્સાહ પણ એટલો જ જળવાઇ રહે જેમકે
- પીળા રંગ માટે હળદરનો ઉપયોગ કરીએ. પાણીમાં હળદર ઉમેરી પીળો રંગ તૈયાર કરી શકાય. ચંદનના પાઉડર નો પણ ઉપયોગ કરી શકીએ. પીળા ગેંદાના ફૂલને વાટીને તે પાણીમાં નાખીને પણ પીળો રંગ તૈયાર કરી શકાય.
- લાલ રંગ માટે ગુલાબની પાંદડીઓને વાટી લઇ પાણી બનાવી લઇને તે પણ ઉપયોગમાં લઇ શકાય. લાલ રંગ માટે બીટનો પણ ઉપયોગ કરી શકો છો.
- લીલા રંગ માટે મહેંદીના પાઉડરને પાણીમાં નાખી લીલુ પાણી તૈયાર કરી લો.
- કેસરી રંગ બનાવવા માટે કેસુડાના ફૂલોને પાણીમાં પલાળી રાખી તે પાણી પણ ઉપયોગમાં લઇ શકો.

**આમ, હર્બલ રંગના ઉપયોગથી આપણે સલામત હોળી ઉજવી શકીએ છીએ અને તેમ છતાં જો કલરનો ઉપયોગ કરવો પડે તો**

- આમ, અમુક નાની લાગતી બાબતોને ધ્યાનમાં રાખવાથી સલામતી ભરેલા તહેવારો ઉજવી તેની મજા પણ આપણે માણી શકીએ છીએ.




જ્યોતિ પરમાર
'ધી ઓપન પેજ'



વૈધાનિક સુચનાઃ ધી ઓપન પેજ, મંથલી ન્યુઝ પેપરમાં પ્રકાશિત સામગ્રીમાં લેખકોના પોતાના વિચાર છે. સંપાદક તથા પ્રકાશક એ સાથે સહમત હોય તે જરૂરી નથી.
ધી ઓપન પેજની સમાચાર સંબંધિત બધા જ વાદ – વિવાદ પ્રકાશન તારીખથી ૩ (ત્રણ) માસની અંદર માત્ર અમદાવાદ ન્યાયક્ષેત્રમાં થઇ શકશે.

# ચાલો સાથે મળીને જોડણી સુધારીએ...




**જોડણી પર્યાય-૨**

**'The Open Page'** ના ફેબ્રુઆરી માસમાં જોડણી પર્યાય પ્રગટ થયેલ છે. માર્ચ માસમાં અને એપ્રિલ માસ આ રીતે ક્રમશઃ પ્રગટ થશે.

મિત્રો, ભાષા એ અભિવ્યક્તિનું માધ્યમ છે. એ ભાષા જ્યારે જોડણી, અનુસ્વાર, વિરામ ચિહ્નો જેવાં આભૂષણોથી સજ્જ બને ત્યારે વધુ સરળ, સ્પષ્ટ અને સુંદર બને છે.

મારા શૈક્ષણિક કાર્યના વર્ષોના અનુભવને આધારે જણાવું છું કે જોડણીના કેટલાક સરળ નિયમો જો ધ્યાનપૂર્વક માત્ર એકવાર વાંચીએ તો જરૂરથી ઘણા શબ્દોની સાચી જોડણી લખી શકાય.

**નિયમ-૪ થી નિયમ-૧૨ સુધી**

**નિયમ-૪:** મૂળ શબ્દમાં રેફ પહેલાના ઇ-ઉ દીર્ઘ, ઈર્ષા, કીર્તન, દીર્ઘ, તીર્થ, શીર્ષક, સંકીર્ણ, આશીર્વાદ, જીર્ણ, વીર્ય, ઉત્તીર્ણ, ઉર્જા, ઉર્મિ મુહૂર્ત, મૂર્છા, મૂર્ધન્ય, કર્મ, ચૂર્ણ, સૂર્ય, ધૂર્ત, શૂર્પણખા, મૂર્ખ, સંપૂર્ણ, અપવાદ, ઉર્વશી

**નિયમ-૫: 'ચ' પહેલાની ઇ હ્રસ્વ**

**નિયમ-૫:** પૂંછડિયો, હોશિયાર, સાંઢિયો, હાંસિયો, કોડિયું, રેંટિયો, રેડિયો, મેલેરિયા, પિયર, સાસરિયુ, રૂપિયો, નાળિયેર, પિયુ, સાંવરિયો, ગાંઠિયા, ભજિયા, ઉંધિયું

અપવાદઃ પીયૂષ (અમૃત)

**નિયમ-૬: ઇ+ઇ, ઉ+ઉ ની સંધિ થઇ હોય ત્યાં ઇ-ઉ દીર્ઘ :**

ઇ કે ઈ + ઇ કે ઈ = ઈ
રવિ + ઈન્દ્ર – રવીન્દ્ર, કવિ + ઈશ – કવીશ
હરિ + ઈશ = હરીશ , હરિ + ઈન્દ્ર – હરીન્દ્ર
જ્યોતિ + ઈન્દ્ર –જ્યોતિન્દ્ર, કપિ + ઈશ – કપીશ
અધિ + ઈશ – અધીશ, (ન્યાયધીશ)
પરિ + ઈક્ષા - પરીક્ષા, પ્રતિ + ઈક્ષા - પ્રતિક્ષા
અતિ + ઈત - અતીત (કલ્પનાતીત)
ઉ કે ઊ + ઉ કે ઊ - ઊ
સુ + ઉક્તિ – સૂક્તિ, ભાનુ + ઉદય - ભાનુદય,
સિંધુ + ઉર્મિ સિંધૂર્મિ
અપવાદ : કોઇ નહી

**નિયમ ૭ : સંસ્કૃત શબ્દોમાંના બધા પૂર્વ પ્રત્યયો હ્રસ્વ હોય છે.**

ઉપ – ઉપનામ, ઉપહાર, ઉપસંહાર ઉપપ્રમુખ, ઉપગ્રહ, ઉપેન્દ્ર, ઉપયોગ, ઉપદેશ, ઉપદ્રવ, ઉપવાસ

સુ – સુવિચાર, સુપુત્ર, સુધન્વા, સુલેખન, સુબોધ, સુભાષ, સુગંધ, સુમતિ, સુવાસ

કુ – કુપુત્ર, કુવેણ, કુપાત્ર, કુસંગ, કુજન, (ખરાબ માણસ) કૂજન (કોકિલ ગાન)

અનુ – અનુભવ, અનુમાન, અનુજ્ઞા, અનુજ, અનુકરણ, અનુસ્વાર, અનુવાર

ઉત્ – ઉદ્ – ઉત્પાદન ઉદ્યોગ, ઉન્મેષ, ઉન્નત, ઉચ્ચાલન, ઉદ્ભવ, ઉત્કંઠા

નિ -: નિગમ, નિયમ, નિવેદન, નિવાસ, નિસર્ગ, નિયોજન, નિપાત

વિ : - વિયોગ, વિજ્ઞાન, વિવાહ, વિરોધ, વિકાર, વિમાન, વિનિપાત, વિભક્તિ, વિશ્રાંતિ

અધિ : - અધિકાર, અધિનિયમ, અધિનાયક, અધિક, આધિભૌતિક

અભિ :- અભિયાન, અભિનવ, અભિનય, અભિજ્ઞાન, અંભિધા, અભિપ્રાય

અતિ :- અતિવૃષ્ટિ, અતિક્રમ, અતિરિકંત,

પ્રતિ :- પ્રતિક્રિયા, પ્રતિનિધિ, પ્રતિજ્ઞા, પ્રતિમા, પ્રતિષ્ઠા, પ્રતિકૂળ, પ્રતિપક્ષ

પરિ :- પરિબળ, પરિવાર, પરિણામ, પરિદા, પરિમિતિ, પરિણીત, પરિચય

નિ :- નિસ્ – નિર્ દુ : - દુસ્ – દુર્ –સંધિથી વિકાર પણ હ્રસ્વ

નિઃ દોષ – નિર્દોષ, નિર્ધન, નિર્ભવ, નિષ્કામ, નિશ્ચેતન, નિરહંકાર (નિર્ + અહંકાર)

દુઃ - દુ : દશા – દુર્દશા, દુર્ગતિ, દુસ્તર, દુષ્કાલ,

નિર + ર હોય તો ર્ લોપાતા નિદીર્ઘ બને. નિર્ + રવ – નીરવ

નિર્ – રજ - નીરજ

પુનઃ- પુનરાવર્તન, બહિઃ- બહિર્ગોળ, પુરઃ પુરસ્કાર, પુરોગામી, ચતુ : ચતુર્ભુજ

ટૂંકમાં – સંસ્કૃત ના શબ્દની પૂર્વ લાગતા તમામ પ્રત્યયોના નિયમો

**નિયમ-૮:** 'ઈક' પ્રત્યય લાગી બન્લા શબ્દમાં ઇ – હ્રસ્વ – સ્થાનિક, વૈજ્ઞાનિક,ભૌગોલિક, સામાજિક

**નિયમ-૯:** 'ઈક' પ્રત્યય લાગી બનેલા સ્ત્રીલીંગ નામોમાં ઇ હ્રસ્વ - લેખિકા, નાયિકા,

**નિયમ-૧૦:** 'ઈત' પ્રત્યય લાગી બનેલા શબ્દમાં ઇ હ્રસ્વ રચિત, (અપવાદ-ગૃહીત)

**નિયમ-૧૧:** 'ઈતા' પ્રત્યય લાગી બનેલા સ્ત્રીલીંગ નામોમાં ઇ હ્રસ્વ – રચિતા, નવોદિતા

**નિયમ-૧૨:** 'ઈન્ત' પ્રત્યય લાગી બનેલા સ્ત્રીલીંગ નામોમાં ઇ હ્રસ્વ 'ની' દીર્ઘ – વિદ્યાર્થીની, યોગિની

**ક્રમશઃ**



**સથવારા નિમિષા**
આચાર્ય

## ચાલો બાળકને કરીએ વહાલ

"મને સૌ બાળકો જગતના, હ્રદયના કેવા મુગ્ધ લાગે છે,
નિખાલસને નિર્દોષ, મનના શુદ્ધ લાગે છે.
અવનવા પ્રશ્નો કરી, અચંબામાં અમને મૂકતા,
આ બાળકોમાં મને પ્રભુ, ઈસુ કે બુદ્ધ લાગે છે."

શિક્ષક એ હજારો બાળકોના માતા-પિતા, ગુરૂ અને માર્ગદર્શક છે. સાચા શિક્ષકો વિદ્યાર્થીમાં ઈષ્ટ દેવના દર્શન કરે છે.

આજે વિદ્યાર્થી પાસે વિજ્ઞાન-ટેકનોલોજીએ જ્ઞાનના ઢગલા ખડકી દીધા છે. કમ્પ્યુટર, ઈન્ટરનેટ, મોબાઈલ, ટેબલેટ જેવા સાધનોએ અડ્ડો જમાવી દીધો છે. વિશ્વફલકની માહિતી કે જ્ઞાન સરળતાથી મેળવી શકે એવી હાઇ-ટેકનોલોજી છે. પરંતુ મેળવેલ જ્ઞાન કે માહિતીને સમજ-કૌશલ્યો અને ઉપયોગમાં ફેરવી આનંદ પ્રાપ્ત કરવા માટે પ્રેમાળ, ચારિત્ર્યશીલ અને જ્ઞાનવાન શિક્ષકોની જરૂર છે. "શિક્ષક એ તો ચેતનાની ખેતી છે." **-રાજ ગોપાલચારી**

શિક્ષકો પૂર્ણ થવા માટે પૂર્ણ વિદ્યાર્થી થવું અનિવાર્ય છે. જ્ઞાનની ક્ષિતિજ અનંત છે. સાચો જ્ઞાની કદી પૂર્ણતાનો દાવો કરે જ નહી. જો શિક્ષક જ્ઞાન અને વહાલનો ભંડાર હોય તો વિદ્યાર્થી આ શોધતા આવશે જ.

વિશ્વ ફલક પરના જ્ઞાનને પોતાના ઘરના ખૂણામાં બેસીને મેળવી જિજ્ઞાસુઓ જ્ઞાનની ભૂખને સંતોષી શકે છે. શાળા કે કોલેજના પગથિયા ચડ્યા વગર આજનો વિદ્યાર્થી પ્રજ્ઞાવાન કે ડિગ્રીધારી બની શકે છે. જેનાથી માનવ એક નોકરીયાત કે જ્ઞાની બનશે, પરંતુ તેને 'આદર્શ ભારતીય નાગરિક' બનવા માટે બાળકને વહાલ કરે એવા પ્રેમાળ શિક્ષકની જરૂર પડશે. શિક્ષક તરીકે આપણે આપણી જાતને પ્રશ્ન પૂછવો રહ્યો કે હું એવો શિક્ષક છું? જો હા! તો અભિનંદન આપો આપના શિક્ષકત્વને.

By education I mean an all round drawing out of the best in child and man, body, mind and spirit.

"શિક્ષક દ્વારા શરીર, મન અને આત્માનો ઉચ્ચતમ વિકાસ જ અભિપ્રેત છે" **-ગાંધીજી**

સાચો શિક્ષક વિદ્યાર્થીને માહિતી-જ્ઞાન-શાણપણ-કૌશલ્યોના વિકાસ માટે ભારતીય સંસ્કાર, સંસ્કૃતિ, ઈતિહાસ, ભૌગોલિક વારસાનું જ્ઞાન આપી મહત્વ, જતન, સંવર્ધન માટે તૈયાર કરી માત્ર ભારતીય જ નહિ 'વિશ્વમાનવ' બનાવવા પ્રયત્ન કરશે, તો 'હું માનવ મટી બનું વિશ્વમાનવી' અને કવિ ઉમાશંકર જોશીની વિચારધારાને સાર્થક કરી શકાશે.

જીવનના કોઇ પણ ક્ષેત્રની સફળતા માટે ધ્યેયનિશ્ચિત હોય તેની સાથે ધ્યેયને પૂર્ણ કરવાના હકારાત્મક અભિગમો, પ્રયત્નો, સમયનું આયોજન, હિંમત, સાહસ અને આત્મવિશ્વાસ ખૂબ જ જરૂરી છે. ધ્યેય પૂર્ણ કરવા માટે અગત્યના હોય તો તે છે. જે-તે ક્ષેત્રના સફળ અને નિષ્ફળ નીવડેલ મહાન વિભૂતિઓના જીવન પ્રસંગો, જે વિદ્યાર્થીઓને બોધિત, પ્રેરિત અને પ્રોત્સાહિત કરે છે. માણસ પાસે આંખોની દૃષ્ટિ છે. પરંતુ જીવનની દીર્ઘદૃષ્ટિ નથી. દીર્ઘદૃષ્ટા બનવા માટે, વાંચન, મનન, ચિંતન, શ્રવણ અને ધ્યાન જરૂરી છે.

સમગ્ર વિશ્વને શિક્ષણની ભૂખ જાગી છે. સમાજે શિક્ષણને ખૂબજ મહત્વ આપ્યુ છે. સમાજને ખાતરી થઇ ગઇ છે કે વારસામાં સમૃદ્ધિની સાથે શિક્ષણ અને સંસ્કારની જરૂર છે. અને એટલે જ દરેક વાલી એવી શાળાની શોધ કરે છે જે માત્ર માહિતી જ નહી. પરંતુ જ્ઞાન, કૌશલ્ય, સમજ અને ઉપયોગનું સર્વાંગી શિક્ષણ આપતી હોય. વાલી-સમાજ શિક્ષણના ભોગે કંઈ જ ચલાવવા તૈયાર નથી. આ અપેક્ષા સંતોષવા માટે તેમની નજર શાળા, શિક્ષકો, આચાર્ય અને સંચાલક મંડળની ગતિવિધિ પર છે. વાલી શાળાની સંપૂર્ણ માહિતી મેળવીને છેતરાઇ ન જવાય તેની તકેદારી રાખે છે. આવા જાગૃત વાલીઓ, વિદ્યાર્થીઓ માટે શાળાએ, સંચાલકોએ, આચાર્યોએ, શિક્ષકોએ પોતાનો પ્રભાવ સમાજ સમક્ષ પાથરવો પડશે. જો આપણે વર્તમાન સમયમાં ટકી રહેવું હશે તો શિક્ષણની સફરમાં કેન્દ્ર સ્થાને વિદ્યાર્થી જ હોવો જોઇએ. શાળાએ અને શિક્ષકોએ 'વિદ્યાર્થી દેવો ભવ'ની સંકલ્પનાને હ્રદયસ્થ કરવી પડશે. જાગો, અને સમાજના વિકાસ તરફ પ્રયાણ કરો. સમાજને ગતિમાન, પ્રાણવાન, જ્ઞાનવાન, સુશીલ અને સંસ્કારી બનાવવા માટે જરૂર છે ચારિત્ર્યશીલ શિક્ષકની.



"માતા સમ મમતા ભર્યા, પિતા સમ પ્રેમાળ
ભાવ મહી ભાંડુ સમો એને શિક્ષક કહેવાય"

બાળકના હ્રદયમાં શિક્ષકનું સ્થાન ઈશ્વરથી પણ મોટું છે. અનેક અપેક્ષાઓ, જિજ્ઞાસાઓ, ઉત્કંઠાઓથી ભરેલ વિદ્યાર્થી ક્યાંય થંભી ન જાય એની તકેદારી શિક્ષકે રાખવાની છે. શિક્ષકને ભગવાન માનનાર નાની દીકરી અને પિતાનો સંવાદ,

**શ્રેયા :** તમે ખિજાશો તો, હું મારા ટીચરને કહી દઈશ.

**પિતાઃ** તારા ટીચર મારા કરતા મોટા છે.?

**શ્રેયાઃ** હા, મારા ટીચર તો તમારા કરતા નહિ, પણ ભગવાન કરતાંય મોટા છે."

શિક્ષકમાં આવી અનુપમ શ્રદ્ધા બાળકો રાખતા હોય છે તો એ ઈશ્વરીય ગૌરવ મેળવવા માટે બાળકને શૈક્ષણિક તેમજ સહશૈક્ષણિક કાર્ય કરાવતી વખતે એમના મનના ભાવોર્મિને પિછાણવી રહી. બાળક સાક્ષાત્ ઈશ્વરનું રૂપ છે. બાળકને ઈષ્ટદેવ માની ઉદારતા સાથે જ્ઞાન અર્પણ કરી. યોગ્ય સમજ, કૌશલ્યો, મૂલ્યો અને વલણોનો વિકાસ કરનાર શિક્ષકનું કર્મ ભક્તિ બની જાય છે.

"ભગવાનમાં જેટલી શ્રદ્ધા છે એટલી જ શ્રદ્ધા શિક્ષકમાં છે.
જો શિક્ષક ભગવાન બને તો, એમને અનેક અર્જુનો પ્રાપ્ત થાય."

**ક્રમશઃ**



**વિજય પટેલ**
આચાર્ય, સુરત

# ઈલેક્ટ્રોનિક દુનિયા


મોનુ નામનો એક છોકરો સૌરાષ્ટ્રના એક નાનકડા ગામમાં રહે છે. એની પાસે જુલ્લુ નામનું એક કૂતરૂં છે. મોનુ જુલ્લુ સાથે એ એક માણસ હોય એવી રીતે જ વાતચીત કરતો હોય છે. મોનુંને વાંચનનો બહુ જ શોખ છે. એ શાળાના અને ગામના પુસ્તકાલયમાંથી ઘણાં બધા પુસ્તકો લાવીને વાંચતો રહે છે. ઘણું બધુ વાંચ્યા પછી એ જે કાંઇ વાંચ્યું હોય એનાં સપના જોવા લાગે છે.

એક દિવસ દુનિયાની વિગતો વાંચતા વાંચતા એ ઉંઘી ગયો અને એને સપનું આવ્યું કે એનું જુલ્લુ ઈલેકટ્રોનીકસ એન્જીનીયર બની ગયું છે ! જુલ્લુએ મોનુને ઈલેકટ્રોનીક્સ જગતનો પરિચય કરાવ્યો.

જુલ્લુએ મોનુને પૂછ્યું : ‘તુ ઈલેકટ્રોનીક્સમાં શું જાણે છે.?’

મોનુ કહે કે, ‘મેં ટેલીવિઝન, મોબાઈલ ફોન, કોમ્પ્યૂટર, વિડિયો ગેમ્સ, રોબોટ વિશે સાંભળ્યું છે. ટેલીવિઝન પર હું રોજ કાર્ટૂન જોવું છું અને વિજ્ઞાનની વાતો પણ જોવું છું.’

પછી જુલ્લુએ મોનુને આ સાધનો વિશે વિશેષ માહિતી આપી.



૨૦મી સદીમાં ટેલીવિઝનની શોધ સાથે મનોરંજનની દુનિયામાં આનંદ વ્યાપી ગયો. આપણે એને ટીવી એ ટૂંકા નામે ઓળખીએ છીએ. એનુ સૌ પ્રથમ વેચાણ ૧૯૨૦ માં થયુ હતું. ટેલીવિઝન દ્વારા હલન ચલન કરતા ચિત્રો પ્રસારિત કરાય છે. રેડિયોની જેમ ટેલીવિઝનમાં પણ ખાસ તરંગ લંબાઈના તરંગો દ્વારા પ્રસારણ થાય છે. પહેલા એનેલોગ પદ્ધતિથી પ્રસારણ થતુ હતું. હવે ડિજીટલ પદ્ધતિથી પ્રસારણ થાય છે. પહેલા શ્વેત-શ્યામ (બ્લેક એન્ડ વ્હાઈટ) ચિત્રોજ દેખાતા. ૧૯૭૦થી રંગીન ચિત્રો પ્રસારણ થવા લાગ્યા. ૧૯૮૦માં રીમોટ કંટ્રોલ આવ્યું. પહેલાના ટીવી સ્ક્રિન બહુજ ભારે અને વધારે જગ્યા રોકતા. એમા કેથોડ રે ટ્યુબ (CRT) વપરાતુ. ત્યારબાદ ટ્રાન્ઝીટર વપરાતા. હવે તો લીકવીડ ક્રિસ્ટલ ડિસપ્લે (LCD) અને પ્લાઝમાં વપરાય છે. સમય સાથે ટીવીની દુનિયામાં પણ નવી નવી ટેકનોલોજી આવતી જાય છે. અત્યારે સૌથી વધુ વપરાતુ ઈલેક્ટ્રોનીક સાધન ક્યું ? બહુજ સહેલો જવાબ છે – મોબાઈલ ફોન! કોઈપણ સ્થળે, કોઈપણ સમયે ફટ કરતાકને વાતચીત થાય. સંદેશા (એસ.એમ.એસ.) મોકલી શકાય. હવે મોબાઈલનો માત્ર આવા સંદેશા વ્યવહાર પૂરતો જ ઉપયોગ નથી રહ્યો. કેમેરા, વિડિયો, ઈન્ટરનેટ, ગેમ રમવા, ઈમેલ, ફોટા મોકલવા વિગેરે અનેક સુવિધાઓ આંગળીના એક ટેરવે જ મળી રહે છે. બેંકના કામો, બીલ ભરવાના કામો, ખરીદી કરવા વિગેરે અનેક કામો ઘેર બેઠા મોબાઈલ થકી કરી શકાય છે. આમ મોબાઈલએ આધુનિક યુગનુ સૌથી વધારે જરૂરીયાતવાળુ સાધન બની ગયુ છે.

જુલ્લુ મોનુને કહે કે મોબાઈલ ભલે આટલુ બધુ ઉપયોગી હોય પરંતુ એના ગેરફાયદાઓ પણ જાણી લેવા જોઈએ. મોબાઈલમાંથી નીકળતા વિકિરણો હાનીકારક નીવડી શકે છે. એનાથી મગજના કોષોને નુકશાન થઈ શકે છે. શ્રવણ ક્ષમતા ઘટી શકે છે.


મોબાઈલ ટાવર નજીક રહેતા લોકોની તબિયત પર અસર થઇ શકે છે. વળી આ વિકિરણોને લીધે ચકલી જેવા નાના પક્ષીઓ તો અત્યંત ઝડપથી ઘટી રહ્યા છે. ઘણા લોકો મોબાઈલનો સમજ્યા વગર ઉપયોગ કરે છે. વાહન ચલાવતા મોબાઈલ વાપર્યા કરે એમાં અકસ્માતો થાય છે. કોઈ અગત્યના કામ થતા હોય, શાળામાં ભણતા હોવ કે મિત્રો-કુટુંબીઓ સાથે રૂબરૂ વાતો કરતા હોવ ત્યારે મોબાઈલ ન વાપરવો જોઈએ. ટેકનોલોજી આપણી પર હાવી ન થઇ જવી જોઈએ.

મોબાઈલની જેમજ રોજીંદા જીવનમાં વપરાતુ ઈલેકટ્રોનીક સાધન કોમ્પ્યૂટર છે. ચાર્લ્સ બેબેજ નામના એન્જીનીયરે કોમ્પ્યૂટરની શોધ કરી. ૧૯૪૦ના દાયકામાં ખુબજ મોટા દોરડા જેવા વાયરો વાળા, મોટા ઓરડાઓ રોકે એવા જબરદસ્ત મોટા કોમ્પ્યૂટર હતા. પછી ટેબલ પર મુકી શકાય એવા ડેસ્કટોપ કોમ્પ્યૂટર આવ્યા. હવે તો ખોળામાં મુકીને વાપરી શકાય એવા લેપટોપ આવી ગયા. હાથમાં રાખીને વાપરી શકાય એવા ટેબલેટ આવી ગયા.

કોમ્પ્યૂટર હાર્ડવેર અને સોફ્ટવેર વડે સંચાલિત થાય છે. પ્રોસેસિંગ યુનિટ, મેમરી, હાર્ડડિસ્ક, ડિસ્પ્લે સ્ક્રિન, કીબોર્ડ, માઉસ, હાર્ડવેર ગણાય. રેન્ડમ એક્સેસ મેમરી (RAM) માં સુચનાઓની આપલે થઈ શકે છે. એટલે કે પ્રોસેસિંગ યુનિટ દ્વારા સુચનાઓ લખી અને વાંચી શકાય છે. રીડ ઓન્લી મેમરી (ROM) માં સુચનાઓ લખી શકાતી નથી. પ્રોસેસિંગ યુનિટ માત્ર એમાંની સુચનાઓ વાંચી જ શકે છે.

કોમ્પ્યુટરમાં બાઈનરી પદ્ધતિથી સુચનાઓની આપલે થાય છે. ૦ અને ૧ એ બે એકમોમાં જ બધી સુચનાઓ, માહિતીઓ સચવાય છે. અને ગણતરી થાય છે. કોમ્પ્યૂટર સાથે પ્રિન્ટર જોડીને માહિતી પ્રિન્ટ કરી શકાય છે. સ્કેનર જોડીને માહિતીની ઝેરોક્ષ કાઢી શકાય છે.

સોફટવેર એટલે કોમ્પ્યૂટરનું સંચાલન કરવા માટેની પધ્ધતિસર સુચનાઓ. આ પધ્ધતિસરની સુચનાઓ પ્રોગ્રામ તરીકે ઓળખાય છે. મુખ્ય સોફટવેરને ઓપરેટીંગ સિસ્ટમ કહે છે. જેના થકી જ હાર્ડવેરને સુચનાઓ મળે છે. અને બીજા તમામ સોફટવેરનુ સંચાલન કરાય છે. ખુબજ જાણીતી માઈક્રોસોફટ વિન્ડોઝ એ એક ઓપરેટીંગ સિસ્ટમ છે. યુનિકસ, લીનક્ષ પણ ઓપરેટીંગ સિસ્ટમ છે. મોબાઈલમાં અને ટેબલેટમાં એન્ડ્રોઈડ નામની ઓપરેટીંગ સિસ્ટમ હોય છે. કોમ્પ્યૂટર દ્વારા થતા તમામ કામ કરવા માટે જરૂર મુજબના સોફટવેર પ્રોગ્રામ લખવામાં આવે છે. આ પ્રોગ્રામ માણસ દ્વારા જ લખાતા હોવાથી એમા ભુલ પણ થઈ શકે છે. આવી કોઈ ભુલને લીધે સાચી સુચનાઓ ન મળતાં કોમ્પ્યૂટર ધાર્યા મુજબ કામ ન પણ આપે. એ વખતે કોમ્પ્યૂટર સાધનને ન વખોડાય.! **ક્રમશઃ**



**તુષાર જે. અંજારીયા**

# વૈદિક ગણિત

## પૂર્ણ વર્ગ ન હોય તેવી સંખ્યાઓનું વર્ગમૂળ

પૂર્ણ વર્ગ સંખ્યાઓનું વર્ગમૂળ કેવી રીતે શોધવું તેનો આપણે અભ્યાસ કર્યો હવે પૂર્ણ વર્ગ ન હોય તેવી સંખ્યાઓના વર્ગમૂળ શોધવાની ટૂંકી રીતનો અભ્યાસ કરવાનો છે. જેમાં વર્ગમૂળ દશાંશ સંખ્યામાં મેળવી શકાય છે. તો ચાલો તે માટેનું સૂત્ર પ્રથમ સમજીએ.

**સૂત્ર**

પૂર્ણ વર્ગ ન હોય તેવી સંખ્યાનું વર્ગમૂળ = $\sqrt{\text{નજીકની પૂર્ણવર્ગ સંખ્યા}} + \dfrac{\text{આપેલ સંખ્યા અને નજીકની પૂર્ણવર્ગ સંખ્યાનો તફાવત}}{૨\times\sqrt{\text{નજીકની પૂર્ણવર્ગ સંખ્યા}}}$

### ઉદાહરણ : ૧

**૫૦નું વર્ગમૂળ શોધો**

**અહી નજીકની પૂર્ણ વર્ગ સંખ્યા ૪૯ તથા તફાવત**

આથી 50 નું વર્ગમૂળ = $\sqrt{49}+\dfrac{1}{2\times\sqrt{49}}$

$\sqrt{50}=7+\dfrac{1}{14}$ $\therefore\sqrt{50}=7+0.0764$

$\therefore\sqrt{50}=7.076$ થાય.

### ઉદાહરણ : ૨

**૬૬નું વર્ગમૂળ શોધો**

**અહી નજીકની પૂર્ણ વર્ગ સંખ્યા ૬૪ તથા તફાવત**

$\therefore\sqrt{66}=\sqrt{64}+\dfrac{2}{2\times\sqrt{64}}$

$\therefore\sqrt{66}=8+\dfrac{1}{8}$ $\therefore\sqrt{66}=8+0.125$

$\therefore\sqrt{66}=8.125$ થાય.

### ઉદાહરણ : ૩

**૯૮નું વર્ગમૂળ શોધો**

**અહી નજીકની પૂર્ણ વર્ગ સંખ્યા ૧૦૦ તથા તફાવત**

$\therefore\sqrt{98}=\sqrt{100}-\dfrac{2}{2\times\sqrt{100}}$

$\therefore\sqrt{98}=10-\dfrac{1}{10}$ $\therefore\sqrt{98}=10-0.1$

$\therefore\sqrt{98}=9.90$ થાય.

### ઉદાહરણ : ૪

**૧૭૫નું વર્ગમૂળ શોધો**

**અહી નજીકની પૂર્ણ વર્ગ સંખ્યા ૧૬૯તથા તફાવત**

$\therefore\sqrt{175}=\sqrt{169}+\dfrac{6}{2\times\sqrt{169}}$

$\therefore\sqrt{175}=13-\dfrac{3}{13}$ $\therefore\sqrt{175}=13-0.2307$

$\therefore\sqrt{175}=13.23$ થાય.

### ઉદાહરણ : ૫

**૨૬૬નું વર્ગમૂળ શોધો**

અહી નજીકની પૂર્ણ વર્ગ સંખ્યા ૨૫૬તથા તફાવત

$\therefore\sqrt{266}=\sqrt{256}+\dfrac{10}{2\times\sqrt{256}}$

$\therefore\sqrt{266}=16+\dfrac{5}{16}$ $\therefore\sqrt{266}=16+0.3125$

$\therefore\sqrt{266}=16.3125$ થાય.

### ઉદાહરણ : ૬

**૬૨૦નું વર્ગમૂળ શોધો**

અહી નજીકની પૂર્ણ વર્ગ સંખ્યા ૬૨૫ તથા તફાવત

$\therefore\sqrt{620}=\sqrt{625}-\dfrac{5}{2\times\sqrt{625}}$

$\therefore\sqrt{620}=25-\dfrac{5}{2\times 25}=25-\dfrac{1}{10}=25-0.1$

$\therefore\sqrt{620}=24.90$ થાય.

## પૂર્ણ ઘન સંખ્યાઓના ઘનમૂળ

પૂર્ણઘન સંખ્યાઓના ઘનમૂળ કાઢવા માટે સૌ પ્રથમ ૧ થી ૧૦ ના ઘન આવડવા જરૂરી છે. હવે નીચેના સોપાનોને અનુસરે.

### ઉદાહરણ : ૧

સૌ પ્રથમ જે પૂર્ણઘન સંખ્યાનું ઘનમૂળ કાઢવાનું છે તેવા છેલ્લા ત્રણ અંકને અવગણો ત્યારબાદ બાકી રહેલા અંકોને ૧ થી ૧૦ (જરૂર પડે વધારે) ના ઘનની વચ્ચે જ્યાં આવે ત્યાં નીચેના અંકને દશક તરીકે સ્વીકારે.

### ઉદાહરણ : ૨

હવે મૂળ રકમના એકમના અંકનો ઘન કરો અને તે ઘન નો જે એકમનો અંક મળે તે આપેલ રકમના ઘનમૂળનો એકમનો અંક ગણવો. તો ચાલો ઉદાહરણ ચકાસીએ.

### ઉદાહરણ : ૩

**૧૩૮૨૪નું ઘનમૂળ શોધો.**

પ્રથમ છેલ્લે ત્રણ અંક અવગણો આથી ૧૩ વધે છે જે ૨ નો ઘન ૮ તથા ૩ નો ઘન ૨૭ ની વચ્ચે છે આથી દશક તરીકે નીચેનો અંક ૨ સ્વીકારો. હવે મૂળ રકમના એકમના અંક ૪ નો ઘન ૬૪ નો અંતિમ અંક ૪ એ આપણો જવાબનો એકમનો અંક થશે.

આમ, ૧૩૮૨૪નું ઘનમૂળ ૨૪ થાય સમજાય ગયુ ને !!!

### ઉદાહરણ : ૪

**૧૫૭૪૬૪નું ઘનમૂળ શોધો**

હવે છેલ્લે ત્રણ અંક અવગણવાથી ૧૫૭ વધે છે જે ૫ નો ઘન ૧૨૫ તથા ૬નો ઘન ૨૧૬ ની વચ્ચે છે આથી દશક તરીકે નીચેનો અંક ૫ સ્વીકારો. હવે મૂળ રકમના એકમના અંક ૪ નો ઘન ૬૪ નો અંતિમ અંક ૪ છે.

આમ, ૧૫૭૪૬૪નું ઘનમૂળ ૫૪ થાય સમજાય ગયુ ને ?

### ઉદાહરણ : ૫

**૩૭૩૨૪૮નું ઘનમૂળ શોધો**

હવે ટૂંકમાં ૩૭૩એ ૭ નો ઘન ૩૪૩ તથા ૮ નો ઘન ૫૧૨ ની વચ્ચે છે. આથી દશકનો અંક ૭ થાય. હવે ૮નો ઘન ૫૧૨માં અંતિમ અંક ૨ છે.

આમ, ૩૭૩૨૪૮નું ઘનમૂળ = ૭૨ થાય.





**ડો. અતુલ વ્યાસ**
**શિક્ષણશાસ્ત્રી,**
**રાજકોટ**

**જીવન શાંતિ માટે છે, જ્ઞાન માટે છે, પ્રકાશ માટે છે, સેવા અને સમર્પણ માટે છે.— ધુમકેતુ**

## ચિત્રકલા



**ધ્વની શાહ**
ધોરણ ૭, અર્જુન ઇંગ્લિશ સ્કૂલ



**હેમંત પંડ્યા**
આચાર્ય, રામેશ્વર શિક્ષણ સંકુલ



**વિધી ભટ્ટ**
ધોરણ ૯, એ. જી હાઇસ્કૂલ




**સંજય રાવલ**

## યોગ-૮ વક્રાસન


વક્રાસનમાં બેસીને કરવાના આસનોના હેઠળ આવે છે. વક્ર સંસ્કૃતનો શબ્દ છે. વક્રનો અર્થ થાય છે ત્રાસુ પણ અહીં આસનને કરવાથી મેરૂદંડ સીધુ થાય છે.

**વિધિઃ—**

- બંને પગને સામે ફેલાવીને બેસવામાં આવે છે. બંને હાથ બગલમાં રાખવામાં આવે છે. કમર સીધી અને નજર સામે રાખો. જમણા પગને ઘૂંટણથી વાળીને લાવો અને ઠીક ડાબી બાજુના ઘૂંટણની ઉપર મુકો પછી જમણા હાથને પાછળ લઈ જાવ.
- આ હાથને મેરૂદંડથી સીધો રાખો. થોડીવાર સુધી આજ સ્થિતિમાં રહ્યા પછી હવે ડાબા પગને ઘૂંટણથી વાળીને આ આસન કરો.
- ત્યાર પછી ડાબા હાથને જમણા પગના ઘૂંટણ પર ઉપરથી ક્રોસ કરીને જમીનની ઉપર રાખો. ત્યારબાદ ગરદનને ધીરે ધીરે પાછળની તરફ લઈ જાવ અને વધુમાંવધુ પાછળની બાજુ જોવાનો પ્રયત્ન કરો.

**લાભઃ**

આ આસનના અભ્યાસથી લીવર, કિડની, પેનક્રિયાઓ પ્રભાવિત થાય છે, જેનાથી આ અંગ નિરોગી રહે છે. સ્પાઈનલ કાર્ડ મજબૂત થાય છે. હર્નિયા (પેટની એક બિમારી) ના રોગીઓને પણ આનાથી લાભ મળે છે.



## કેવી રીતે બનાવશો પેપર આઈસ્ક્રિમ કોર્ન



**સામગ્રી :**

લીલા પીળા અને ગુલાબી રંગના ટીસ્યુ પેપર
3 વળી શકે તેવા નાના પૂંઠા
કાતર
સ્ટેપલર
ગુંદર
થર્મોકોલના ટુકડા
ગોળ થર્મોકોલના બોલ
નાની સળી

- પૂંઠાને આઇસ્ક્રિમ કોર્નના શેપમાં વાળી લઇ તેને સ્ટેપલર મારી દો જેથી કરીને તે ખૂલે નહી.
- પીળા કલરના એક ટીસ્યુ પેપરને કોર્નની અંદર થોડો કાગળ બહાર રહે તે રીતે ગુંદરથી ચોંટાડી દો.
- ગોળ થર્મોકોલના બોલને પણ પૂરેપૂરો પીળા ટીસ્યુના કાગળથી ગુંદર લગાવી તૈયાર કરો.
- કોર્નના જે ભાગમાં પીળો ટીસ્યુ લગાવ્યો છે તેમાં ચોરસ થર્મોકોલના ટૂકડા મૂકી ગુંદરથી ચોંટાડો.
- તૈયાર કરેલા પીળા થર્મોકોલના બોલમાં નાની સળી નાખી તેનો બીજો છેડો કોર્નમાં મૂકેલા થર્મોકોલના ટૂકડામાં ભરાવો અને જરૂર પડે તો ગુંદરથી ચોંટાડો જેથી તોનો આકાર કોર્ન પર મૂકેલા આઇસ્ક્રીમ જવો થશે. કોર્ન પરના વધારાના પીળા કાગળને કાપી લો.
- આવી જ રીતે લીલા અને બીજા બધા કલરના પણ આઇસ્ક્રિમ કોર્ન તૈયાર કરો.

## ઇન્સ્ટન્ટ બ્રેડ પીઝા

**સામગ્રી**

- ગોળ કાપેલી બ્રેડની સ્લાઇસ
- ટામેટાની ગ્રેવી અથવા સોસ
- બારીક કાપેલી ડુંગળી
- ટામેટા અને કેપ્સીક્મ જરૂર મુજબ

**રીત :**

- બ્રેડને ગોળાકારમાં કાપી લો. તેની ઉપર ટામેટાની ગ્રેવી અથવા સોસ લગાડો. તેની ઉપર બારીક કાપેલા ડુંગળી, ટામેટા અને કેપ્સીકમ મુકો. તેની ઉપર ખમણેલી ચીઝ નો થર કરો. હવે એક નોનસ્ટીક પેનમાં થોડું બટર લગાડી બ્રેડને શેકવા માટે ગેસ ઉપર મુકો. ચીઝ ઓગળે ત્યાં સુધી મીડીયમ તાપે શેકાના દો. ચીઝ ઓગળે અને બ્રેડ શેકાઇ જાય એટલે ગેસ બંધ કરી નીચે ઉતારી એક સર્વિસ પ્લેટમાં બધા બ્રેડ પીઝા ગોઠવી દો. સલાડથી પ્લેટ સજાવો. મોકટેલ અથવા કોલ્ડ્રીંક સાથે સર્વ કરો.





## જો જો પાછા હસતા નહી

### ચિત્તો... અને માણસ

**શિક્ષકઃ** આજે મારે તમારા સૌનું જી.કે. તપાસવું છે. બોલો, દુનિયાનું સૌથી ઝડપથી દોડવાવાળુ પ્રાણી ક્યું છે?
**મનુઃ** ચિત્તો.. અને માણસ પણ.. જો ચિત્તો પાછળ દોડે તો..

### વાળ કપાવવા

**માસ્તર :** માનવ કેમ મોડો પડ્યો?
**માનવ :** મારા નાના ભાઇને વાળ કપાવવા લઉ ગયો હતો.
**માસ્તર :** આ કામ તારા પપ્પા કરી શક્યા હોત.
**માનવ :** મારા પપ્પા કરતા હજામ વાળ સારા કાપે છે.

### વિદ્યા માટે

**ટીચરઃ** રાજુ તું કોલેજમાં કેમ આવે છે ?
**રાજુઃ** વિદ્યા માટે
**ટીચરઃ** તો હવે ઉંઘી કેમ રહ્યો છે ?
**રાજુઃ** આજે વિદ્યા નથી આવી સર.

### માસ્તરે પુછ્યું

અલ્યા મનીયા માસ્તરે પૂછ્યું જો તારા બાપાએ ૫૦ રૂપિયા ધોબીને, ૨૪૩ રૂપિયા વાસણવાળાને, ૨૧૨ દૂધવાળાને આપવા ના હોય તો તારો બાપો શુ કરે ?
મનીયા એ જવાબ આપ્યો કશુ નહીં સાહેબ મારા બાપા ઘર બાર છોડીને ભાગી જાય.

ખરો વિદ્યાભ્યાસ એ જ છે કે જેના વડે આપણે આત્માને, પોતાની જાતને, ઇશ્વરને અને સત્યને ઓળખીએ. — ગાંધીજી



# ત્રીજો વાર્ષિક એજ્યુકેટર્સ એવોર્ડ વિજેતાઓના અનુભવો

## સેવક નહી સેવાનું સન્માન



દૈનિક પોથી પ્રમાણે સામાજિક સેવાના કામે જ્યાં નેટવર્ક ન મળે એવી જગ્યાએ લોક હિતાર્થની પ્રવૃત્તિ કરતા ફોન રણક્યો. – તમે શોર્ટલિસ્ટ થયા છો. આનંદ સાથે તૈયારી પૂર્ણ કરી શોર્ટ લિસ્ટ થવું એ મારા માટે ગૌરવની વાત હતી. મારા સેવાકીય કાર્યની સુવાસને પવનનું માધ્યમ મળ્યું.

**એવોર્ડ પહેલાનો એવોર્ડ :**

પી.પી. સવાણી શાળાના કંમ્પાઉન્ડમાં દાખલ થયા ત્યાં પ્રેમભર્યો આવકાર બાદ રહેવાની સુંદર વ્યવસ્થા મેળવી મેદાનમાં ચાલવાનું મન થયું. આયોજન શ્રીને જમવાની વ્યવસ્થા ક્યાં છે એ બે-ત્રણ વાર પૂછ્યું. શનિવાર એટલે ઉપવાસનો દિવસ ભૂખ પણ ખૂબ લાગી હતી. છેલ્લા પાંચ વર્ષમાં આ પહેલો શનિવાર જેમાં કાંઇ કોઇ ફરાર ન કરી હતી. જમવાનું ક્યાં છે તે શોધતા શોધતા મારી નજર બે સિનિયર શિક્ષકો પર પડી જેઓ મોટા મોટા બે બેગ લઇ પગના દુ:ખાવા સાથે ચાલી રહ્યા હતા.

તરત જ તેમનો સામાન મેં ઉપાડી લીધો. તેમનું રજીસ્ટ્રેશન પૂર્ણ કરી તેમને રૂમ સુધી મુક્વા ગયો. તેમના મોઢા પરની આનંદની લાગણી જોતા ભૂખ ક્યાં ભાગી ગઇ તેની ખબર જ ન પડી. એમને ચાલતા ચાલતા હાંફ ચડતો હતો. મેં મારો ટૂંકમાં પરિચય આપ્યો. બન્ને સારસ્વતોના મુખેથી શબ્દો સરી પડ્યાં.

સામાજીક સેવાનો એવોર્ડ તો તમને જ મળશે. અમારી અંતરની શુભકામના..

**શાર્ટલિસ્ટનું સૂક્ષ્મદર્શક યંત્ર :**

ખૂબજ સુંદર સગવડ સાથે રાત્રિ વિતાવી જ્યુરી રાઉન્ડ માટે સજ્જ થયાં. હૃદય ધડક..ધડક..થતુ હતું. પણ મારા સેવાના કાર્યો મને કહેતા All is wall મારે માત્ર મારા માટે નહી મારી સાથે રહેલા લોકોના સન્માન માટે રજૂઆત કરવાની હતી. જ્યુરીના પ્રશ્નોનો વરસાદ શરૂ થયો.

જવાબમાં જવાબદારી સાથે આનંદ હતો. કે બધા જ પ્રશ્નોના જવાબો મારી પાસે હતા. ૩ થી ૪ ભાવત્ર સહારે કહ્યા. મારી જીંદગીનો કડવો અનુભવ .........કહ્યો. જ્યુરી આશ્ચર્યમાં મૂકાઇ ગયા મારા કાર્યનું ઉઘણ શબ્દ વેધી બાણથી સમાય ગયાનો અનુભવ થયો. હું ટપ્પુ કાચબાનું અભિનય ગીત પણ રજૂ કર્યું. ૪૦ મિનિટનો સમય મને ઓછો પડ્યો. અંતમાં કહ્યું.

*કઇ જીત બાકી હૈ કઇ હાર બાકી હૈ*
*અભી તો જીંદગી કા સાર બાકી હૈ,*
*ચલ પડે હૈ યહાં સે નઇ મંઝીલો કી ઓર*
*યે તો એક પન્ના થા..અભી તો કિતાબ બાકી હૈ.*

**આનંદનું અમૃત બિંદુ :**

૩જો એજ્યુકેટર્સ એવોર્ડમાં બધીજ કેટેગરીમાં હું ઉંમરમાં અને અનુભવમાં સૌથી નાનો હતો. ઘણાં પણ જવાબ એકપણ નહી. એવોર્ડ વિતરણ સમારંભમાં ભાઇશ્રીને નજીકથી જોવાની ઇચ્છા આગળ બેસવાનું પસંદ કર્યું. એવોર્ડ સમારંભનું આયોજન ખૂબ જ સુંદર હતુ. સાથે ડાયમંડ હબમાં તડકાએ પણ અમને ચમકાવવાની હઠ પકડી હોય એમ લાગતુ હતું. પૂ. ભાઇશ્રીની હાજરીએ સૌને હૈયા ટાઢક આપી. એક અદ્દભુત રોમાંચ વચ્ચે મારું નામ જાહેર થયું. અને મારા સેવાક્રિય કાર્યના લોકો –માતા પિતા તથા શાળાનું નામ ઉજાગર કરવાનું અમૃત બિંદુ પૂ. ભાઇશ્રી ના હસ્તે પ્રાપ્ત થયું. ઉદાર .... સાવજીભાઇના હસ્તે પ્રમાણપત્ર મેળવતાં ગૌરવ થયો. શાળા-સમાજ –મિત્રોને લોકોની શુભેચ્છાઓના વરસાદમાં હોવાની ખૂબ મજા માણી...

**કિરણ કુમાર જી. પટેલ**
**સમાજ સેવા એજ્યુકેટર્સ એવોર્ડ**

## શિક્ષણની તમામ પ્રક્રિયા શિક્ષક સર્જિત હોય છે



શિક્ષણ એ એક એવી સંસ્થા છે કે જેના દ્વારા રાષ્ટ્રના સામાજિક અને સાંસ્કૃતિક જીવનમાં અપેક્ષિત પરિવર્તનો લાવી શકાય છે. શિક્ષણની તમામ પ્રક્રિયા શિક્ષક સર્જિત હોય છે. શિક્ષણના દરેક સ્તરે અને દરેક તબક્કે શિક્ષકની ભૂમિકા મુખ્ય હોય છે. વિદ્યાર્થીની કેડી કંડારી તેના સર્વાંગી વિકાસને પ્રાધાન્ય આપવું એજ શિક્ષકનો મુખ્ય હેતુ હોય છે. માત્ર વિદ્યાર્થી ના વિદ્યાકીય વિકાસ પૂરતી જ નહી પરંતુ વિદ્યાર્થીમાં ઉત્તમ નાગરિક બનવા માટેના મૂલ્યો અને ચારિત્ર્યના ઉત્તમ સિદ્ધાંતોને વિકસીત કરવાની જવાબદારી પણ શિક્ષકની હોય છે. કદાચ એટલે જ આપણા ભારતીય સમાજમાં શિક્ષકને માસ્તર કહ્યો છે. કે જે મા ના સ્તરે જઇ બાળકનો વિકાસ કરે છે. આપણે જાણીએ છીએ કે કેટલાંક શિક્ષકો સ્વયં કરતા પણ તેમના વિદ્યાર્થીઓની કાળજી રાખે છે. અને તેમની શિસ્ત માટે પ્રતિબંદ્ધ રહે છે. શિક્ષણની આવી મજબુત આધારશીલા આવા પ્રેરણાદાયી શિક્ષકોથી પ્રેરિત થયેલા વિદ્યાર્થી દ્વારા ઘડાતી હોય છે.

આવા પ્રેરણાદાયી શિક્ષકો વિદ્યાથીના વ્યક્તિગત ઉદ્દેશોને સામાજિક અને રાષ્ટ્રીય ઉદ્દેશો સાથે જોડીને રાષ્ટ્ર વિકાસમાં ફાળો આપે છે. મારા વ્યક્તિગત અનુભવ પ્રમાણે જે શિક્ષક વિદ્યાર્થીની કાળજી લે છે. તે શિક્ષક તેના વિષયવસ્તુને ખૂબ ઉંડાણથી જાણે છે. અને તેને પ્રસ્તુત કરવાની કળા પણ જાણે છે. શિક્ષક હંમેશા વિદ્યાર્થી પાસે શ્રેષ્ઠ પરિણામની અપેક્ષા રાખે છે.

સારા વાર્તાકારો અને પ્રદર્શનકર્તા પણ તેના પ્રેક્ષકો પાસે તેમના તરફ કેન્દ્રિત ધ્યાનની અપેક્ષા રાખે છે. કોઇપણ શૈક્ષણિક સંસ્થાના શિક્ષકો જ્યારે વિદ્યાર્થી સમક્ષ પ્રસ્તુત થાય છે. ત્યારે શ્રેષ્ઠ અધ્યાપન પદ્ધતિ અને પ્રયુક્તિઓ નું પાલન કરે છે. જો શિક્ષક તાલીમબંદ્ધ અને પ્રેરિત હોય તો તે શિક્ષણના અભ્યાસક્રમના ઉદ્દેશોને સહજતાથી હાંસલ કરી લે છે. આવા જ શિક્ષકો વિશિષ્ટ જરૂરિયાત બાળકોના અધ્યાપન માટે જરૂરી તમામ કૌશલ્યો હસ્તગત કરી, સતત વિકસતાં રહીને અધ્યાપનનાં નવાં-નવાં ક્ષેત્રો પર ધ્યાન કેન્દ્રિત કરે છે.

એવું વારંવાર જોવા મળ્યું છે કે, શિક્ષક-પ્રશિક્ષણ કાર્યક્રમ સારા શિક્ષકોના નિર્માણમાં ચાવી રૂપ ભૂમિકા ભજવે છે. શિક્ષક – પ્રશિક્ષણની આ પ્રક્રિયા પ્રશીક્ષણાર્થીના વર્તનમાં પરિવર્તન લાવનારી પ્રક્રિયા બને છે.કે જે અંતે પ્રશીક્ષણાર્થીના જ્ઞાન,કૌશલ્ય અને મનોવલણમાં પરિવર્તન લાવનારી પ્રક્રિયા બને છે. શિક્ષક - પ્રશિક્ષણ પ્રશિક્ષણાર્થી માટે ઉપયોગી તમામ કૌશલ્યના વિકાસનું માધ્યમ બને છે. શિક્ષક - પ્રશિક્ષણ શિક્ષણના વ્યવસાયમાં જોડાનારા માટે ખાસ અને અગત્યનો એવો તબક્કો છે કે જ્યાં પ્રશિક્ષણાર્થીને શિક્ષણની વિવિધ પદ્ધતિઓ - પ્રયુક્તિઓનું વૈજ્ઞાનિક ઢબે શિક્ષણ આપી તેમાં પારંગત કરવામાં આવે છે. વિશિષ્ટ જરૂરીયાતવાળા બાળકો અને તેમાં પણ શ્રવણમંદ બાળકોના અધ્યાપન સમયે પ્રશિક્ષણાર્થી શિક્ષક - પ્રશિક્ષણ કાર્યક્રમ થકી જ શ્રેષ્ઠ શિક્ષણ પદ્ધતિ - પ્રયુક્તિનો અસરકારક ઉપયોગ કરવા સક્ષમ બને છે. આ તબક્કે હું 'ધ ઓપન પેજ – એજ્યુકેટર એવોર્ડ' ની ટીમનો આભાર માનું છું કે જેઓ એ શિક્ષકના ગૌરવ- સમ્માન માટેની પહેલ કરી છે. ગુણવત્તાયુક્ત શિક્ષણનો આગ્રહ રાખતા શિક્ષકોને પ્રોત્સાહિત કરવાનો આ પ્રયાસ ખરેખર પ્રસંશનીય છે. મારી સંસ્થા, મારા પરિવાર અને મારા માટે આ ગૌરવની વાત છે કે મને શ્રેષ્ઠ શિક્ષક પ્રશિક્ષકનો એવોર્ડ આપની સંસ્થા દ્વારા મળ્યો છે. જેના માટે હું હંમેશા આપનો કૃતજ્ઞ રહીશ.

**ડૉ. સંતોષ ડી. યાદવ**
**શિક્ષક એજ્યુકેટર્સ એવોર્ડ**



પહેલા તો હું ધી ઓપન પેજની આખી ટીમનો આભાર માનવા માંગુ છું. આટલા સારા ખ્યાલને ડિઝાઇન કરવા માટે કે જે અભિલાષીઓને શિક્ષણ ક્ષેત્રમાં દરરોજ સારૂ કરવા સતત પ્રેરણા આપે છે.

સુરત ખાતે યોજાયેલો ૩જો ધી ઓપન પેજ એજ્યુકેટર એવોર્ડ એક સુંદર અનુભવ હતો. અને હંમેશા યાદગાર રહેશે. જ્યુરીના સભ્યો અત્યંત અનુભવી હતા. અને સહભાગી તરીકે આરામ પૂરો પાડવા સક્ષમ હતા, અમારા અભિપ્રાયો વિગતવાર વ્યક્ત કરવા માટે તેમના દ્વારા પ્રેરણા અને ખૂબ પ્રશંસા મળી દર વર્ષે સારૂ કરવું અને દર વર્ષે એવોર્ડ ફંક્શનમાં હાજર રહેવું તેટલું ભવ્ય હતુ સ્થળ અને ફંક્શન.

પસંદગીની પ્રક્રિયા, જ્યુરી રાઉન્ડ, પ્રેસન્ટેશન, સ્થળ, માનનીય મહેમાન, ભવ્ય ટ્રોફી અને સમગ્ર પ્રોગ્રામનું સંબોધન ભૂલ તો ક્યાય હતી જ નહીં. બધુ પરમોત્કૃષ્ટ હતુ. આતિથ્ય, પરિવહન અને જમણ પણ ખૂબ જ સારા હતા.

**બીજલ જે. હરખાની**
**પેરેન્ટ ઓફ ધી યર એજ્યુકેટર્સ એવોર્ડ**



સૌ પ્રથમ The Open Page Educator Award ની આખી ટીમને ખાસ કરીને શ્રી અર્ચિત સાહેબ અને શ્રીમતી હંસાબેન ઉપાધ્યાયને આ સુંદર કાર્ય કરવા તેમને અભિનંદન પાઠવું છું.

The Open Page Educator Award એ શિક્ષકોના કાર્યને બિરદાવા માટે એક ઉત્તમ પ્રયાસ છે. આ એવોર્ડથી શિક્ષકો વધુ પ્રોત્સાહિત થયા છે. અને થતાં રહેશે અને વધુ સારૂ કાર્ય કરવા માટે તેમને પ્રેરણા મળશે.

The Open Page Educator Award ની પસંદગી કરવાની જે પદ્ધતિ છે એ ખૂબજ સરાહનીય છે. જેથી શિક્ષકોનું સાચું મૂલ્યાંકન થાય છે.

મને આ Award મળ્યો તે માટે The Open Page Educator Award ની ટીમની હું ખૂબ આભારી છું. આ Award થી મારા પ્રજ્ઞાચક્ષુ બાળકોને પ્રેરણા મળશે અને તેમનામાં રહેલી કલાઓને બહાર લાવવા માટે પણ પ્રેરણાદાયક બનશે.

**સુધા જી. જોષી**
**સ્પેશિયલ એજ્યુકેટર્સ એવોર્ડ**



ઓપન પેજ એ સમાજ માટે નું શૈક્ષણિક અખબાર છે. અને તે આધુનિક શૈક્ષણિક સંસ્થાઓ અને શૈક્ષણિક કાર્ય પદ્ધતિઓને પ્રતિબિંબિત કરે છે. સાથો સાથ એક બહોળી સંસ્થા હોવાથી તે રાજ્યના શ્રેષ્ઠ શિક્ષકોને ઓળખી પારખી અને તેને સન્માનિત કરવાનું કામ કરે છે.

આ વર્ષનો 'ઓપન પેજ' ત્રીસ એડિટરનો પુરસ્કાર ૨૩ જાન્યુઆરી ૨૦૧૭ના રોજ સુરત ખાતે યોજવામાં આવ્યો હતો. પ્રારંભિક તબક્કામાં કુલ ૫૦ શિક્ષકોને નિર્ણાયકોની સમક્ષ આમંત્રિત કરવામાં આવેલ નિર્ણાયકો દ્વારા અલગ – અલગ વિષયો પર પ્રશ્નોત્તરી કરવામાં આવેલ જેમાંથી પૂરા રાજ્યમાંથી ૧૭ શિક્ષકોની પસંદગી કરવામાં આવી હતી.

આ સમારંભમાં વેદાંત તત્વચિંતક અધ્યાત્મગુરૂ પૂજ્ય શ્રી રમેશભાઇ ઓઝાના વરદ્ હસ્તે શિક્ષકોને પુરસ્કૃત કરવામાં આવેલ. તે ઉપરાંત સુરત જિલ્લા કલેક્ટર શ્રી મહેન્દ્ર પટેલ, શ્રી દક્ષેશ ઠાકર, શ્રી સવજીભાઈ ધોળકીયા, યુ.એન. રાઠોડ અને સુરત જિલ્લાના શિક્ષણાધિકારી એ આ સમારંભ સન્માનિત કરેલ.

અમર જ્યોતિ ઇન્ટરનેશનલ સ્કૂલના બાળમંદિર વિભાગના શિક્ષિકા શ્રીમતી પૂજા જયસ્વાલને ગુજરાત રાજ્યના પૂર્વ પ્રાથમિક વિભાગના શ્રેષ્ઠ શિક્ષક તરીકે સન્માનિત કરેલ છે. તેઓ માં બાળકોને સમજવાની અને સાંભળવાની કુનેહ કામ પ્રત્યેની નિષ્ઠા એજ તેમને ઉંચેરા બનાવ્યા છે.

નાના ભુલકાઓને મનથી સમજી તેમની રસ રૂચિને ધ્યાનમાં રાખી કામ કરવાથી તેઓને અદભુત આત્મ સંતોષ પ્રાપ્ત થાય છે. તેવું તેઓનું માનવું છે.

હું નાના ભુલકાઓ સાથે કામ કરૂં છુ. ત્યારે તેઓ ને મનથી રસ રૂચિ વગેરેને ધ્યાનમાં રાખું છુ. તે કારણે જ આજ સતત ૧૨ વર્ષથી બાળકોના સંપર્કથી હું મારી શાળામાં સફળતા પૂર્વક કામ કરી રહી છું.

મારા મને બાળમંદિરના બાળકોને શિક્ષણ પ્રત્યેનો લગાવ ઉભો કરવા પ્રત્યક્ષ તથા પરોક્ષ માધ્યમ ખૂબજ અસરકારક નીવડે છે. જુદા-જુદા રંગો, આકારો અને ભાવોને સમજવા માટે શિક્ષકે ખુદ બાળક બનવું પડે છે. તેમના સુધી પહોંચવું પડે છે. અને તેમનામાં રહેલી સુષુપ્ત શક્તિઓને જગાડવાનું ભગીરથ કાર્ય કરવું પડે છે. તેમાં સમગ્ર શિક્ષણગણ પ્રિન્સિપાલ સૌના સાથ સહકાર વગર વિકાસ શક્ય નથી.

આજે જ્યારે મને આ એવોર્ડથી સન્માનિત કરવામાં આવી છે ત્યારે હું ગૌરવની લાગણી અનુભવુ છું. ક્યાંક સુશિક્ષિત સમાજ ઉભો કરવામાં પાયાના ભાગરૂપે એક ઇંટની સમાન મારી જવાબદારી સમજીને મેં મારી ફરજ બજાવી છે. તેના સારાંશ રૂપે ફૂલ નહિતો ફૂલની પાંખડી રૂપે મને પરિણામ મળ્યું છે. તેનાથી હું આત્મ સંતોષની લાગણી અનુભવું છું. આજે અને આવતી કાલે પણ મારાથી શક્ય હશે ત્યાં સુધી હું નાનેરો દિવડો બની અજ્ઞાન રૂપી અંધકારને દૂર કરી સમાજના નાના સ્તર સુધી જ્ઞાનની જ્યોત પહોંચાડવા માટે સક્રિય રહીશ તેવી અભિલાષા સાથે વિરમુ છું.

**પૂજા ડી. જેસ્વાલ**
**પ્રી સ્કૂલ એજ્યુકેટર્સ એવોર્ડ**

ખુલ્લા પાને સોને મઢ્યા સ્મરણો..
"લાખ કરો કોશિશ દબાવવાની ઉગી નીકળવાનો,
પીપળની જાત છું ભીંત ફાડી ફૂટી નીકળવાનો"

મને ગમતી મારી એક ગઝલના આ શેરને અમદાવાદની 'ધી ઓપન પેજ' સંસ્થાએ સાકાર કરી બતાવી. ખેડા જિલ્લાના ઠાસરા તાલુકામાં મુખ્ય શિક્ષક તરીકે વરસોથી પૂરી નિષ્ઠાથી ફરજ બજાવું છું. પરંતુ જેમણે મારા કામની કદર કરવી જોઇતી હતી એમણે કદી નોંધ સુધ્ધાં નહોતી લીધી. ઉલટાનું મારી પ્રતિભાને દબાવવાનાં પ્રયત્નો કરવામાં આવ્યા હતાં. ત્યારે 'ધી ઓપન પેજ' સંસ્થાએ વિશાળ જનમેદની વચ્ચે મહાનુભાવોના હસ્તે જાહેરમાં મારી પ્રતિભાને પોંખી. મારા માટે તેમજ મારા જેવા અનેક શિક્ષણના સેવકો માટે આ વાત ખૂબજ મહત્વ ધરાવે છે.

'ધી ઓપન પેજ' નું શુદ્ધ ગુજરાતી ભાષાંતર – 'ખુલ્લુ પાનુ' થાય. નામ મુજબ જ આ સંસ્થા પરાદર્શક કાર્યપદ્ધતિ માટે સન્માનની હકદાર છે.



એવોર્ડ માટે આવેલ ઢગલાબંધ અરજીઓમાંથી કોઇપણ પ્રકારની લાગવગ કે ભેદભાવ વગર દરેક કેટેગરી માટે ઉત્તમ જણાયેલ પાંચ- સાત નામોને શોર્ટલિસ્ટ કરી આમંત્રણ આપવું. પછી એ પાંચ- સાત આમંત્રિતોને પ્રખર વિદ્વાનો દ્વારા વાયવા દરમિયાન પૂરેપૂરા ચકાસીને એમાંથી એક સર્વોત્તમ જણાયેલને એવર્ડ માટે પસંદ કરવાની આ સંપૂર્ણ નિષ્પક્ષ અને પારદર્શક પ્રક્રિયા મને સ્પર્શી ગઇ. યોગ્ય વ્યક્તિને એવોર્ડ મળવાથી એ એવોર્ડની ગરિમા વધી જાય છે. આ વિધાન આ એવોર્ડ અને આ એવોર્ડ મેળવનાર માટે પૂરેપૂરૂં બંધ બેસે છે. એ કારણે જ મારા માટે આ એવોર્ડનું મહત્વ ખૂબ જ છે.

'ધી ઓપન પેજ' અમદાવાદના ઉપક્રમે અને વાયબ્રન્ટ એકેડમીના સહકારથી ૨૨ જાન્યુઆરી -૧૭ના રોજ હરિક્રિષ્ના એક્સપોર્ટ, સુરતના પટાંગણમાં ધર્મગુરૂ પૂજ્ય રમેશભાઇ ઓઝાના અધ્યક્ષ સ્થાને અને કર્મગુરૂ એવા ડાયમંડ કિંગ શ્રી સવજીભાઇ ધોળકીયા, સુરત જિલ્લા કલેક્ટરશ્રી મહેન્દ્રભાઇ પટેલ, વીર નર્મદ દ.ગુ.યુનિ.ના વાઇસ ચાન્સેલર ડો. દક્ષેશ ઠાકર, સુરત જિલ્લા શિક્ષણાધિકારી ડો. યુ.એન.રાઠોડ, સવાણી ગ્રુપના શ્રી વલ્લભભાઇ સવાણી, ડો. હિંગુ અને ધી ઓપન પેજના મેનેજિંગ એડિટર શ્રી અર્ચિત ભટ્ટની વિશેષ ઉપસ્થિતિમાં 'બેસ્ટ પ્રિન્સિપાલ ઓફ ધી યર' નો એવોર્ડ, પ્રમાણપત્ર અને રૂા. ૧૧,૦૦૦/- નો ચેક સ્વીકારતી વખતે આનંદના આવેગને લીધે હૃદયની ધડકન તેજ બની ગઇ હતી અને કામની કદર થયાનો અહેસાસ આંખોમાંથી ઉભરાઇ રહ્યો હતો.

આ પ્રસંગે આમ થવું એ સ્વાભાવિક હતું. કારણ ઉદાત્ત ભાવનાથી પ્રેરિત વિદ્યાના પ્રચાર પ્રસારના ઉમદા ધ્યેયને વરેલી 'ધી ઓપન પેજ' સંસ્થાના ઓપન પ્લેટફોર્મના માધ્યમથી આ એવોર્ડથી ગૌરવન્વિત થવા માત્ર ગુજરાત જ નહિ, દિલ્લી અને મહારાષ્ટ્રમાંથી પણ ઘણા બધા ગુરૂજનોએ પોતાની પ્રતિભાના દર્શન કરાવ્યા હતાં. ત્યારે એ બધામાંથી 'બેસ્ટ પ્રિન્સિપાલ ઓફ ધી યર'ના એવોર્ડથી સન્માનિત થવાનું જે સદ્ભાગ્ય મને સાંપડ્યું એ મારા માટે સોને મઢ્યા સ્મરણ સમું છે.

તારીખ ૨૧ અને ૨૨ જાન્યુઆરી એ બે દિવસના સ્મરણો વાગોળતા દિલ આજે પણ રોમાંચ અનુભવે છે. ૨૧મી તારીખે સાંજે રેલ્વે સ્ટેશને પહોંચતા જ યજમાન સંસ્થા પી.પી. સવાનીની સ્કૂલ બસ અમારી રાહ જોઇને ઉભી હતી. પી.પી.સવાની સ્કૂલના વિશાળ સંકુલમાં પ્રવેશતા જ સંસ્થાના સંનિષ્ઠ કર્મચારીઓ દ્વારા ઉમળકાભેર અમારૂ સ્વાગત કરવામાં આવ્યું. આ સ્નેહસભર ફર્સ્ટ ઇમ્પ્રેશન ધી લાસ્ટ ઇમ્પ્રેશન પણ બની રહી. બે દિવસ દરમિયાન અમારી જે સ્નેહપૂર્વક ખાતેરદારી કરવામાં આવી એના માટે મારી પાસે શબ્દો નથી.

૨૨મી જાન્યુઆરીએ સવારે ચા-નાસ્તા બાદ એવોર્ડ માટે દરેક કેટેગરીમાંથી શોર્ટ લિસ્ટ કરાયેલા આમંત્રિત ગુરૂજનોના વાયવાનો કાર્યક્રમ શરૂ થયો. ચિલ્ડ્રન્સ યુનિ. ગાંધીનગરના પૂર્વ વાઇસ ચાન્સેલર, નિવૃત જિલ્લા શિક્ષણાધિકારી અને સક્રિય શિક્ષણવિદ એવી શિક્ષણ ક્ષેત્રની પ્રખર ત્રણ હસ્તીઓની પેનલ સમક્ષ વાયવા માટે ઉપસ્થિત થયો. પૂરા એક કલાક સુધી ત્રણે મહાનુભવોએ શિક્ષણ- વહિવટ અને તેને સંલગ્ન મારા કામના દરેક પાસાની ઝીણી-ઝીણી વિગતોને પૂરેપૂરી ચકાસી, ખાત્રી કરી અને જરૂરી માર્ગદર્શન પણ આપ્યું હતું.

આમંત્રિતોને આવવા-જવાનું ભાડું, સ્ટેશન પર લેવા આવવું, કાર્યક્રમ પૂરો થયા પછી સ્ટેશન સુધી વળાવવા જવું અને બે દિવસ રહેવા – જમવાની વી.વી.આઇ.પી. સુવિધા આપવી. તથા વિજેતાને ટ્રોફી, પ્રમાણપત્ર, સાલ અને રૂા. ૧૧,૦૦૦/- નો ચેક આપવો! આટલો બધો સ્નેહ કોણ દર્શાવી શકે ? એ તો 'ધી ઓપન પેજ' જેવી સંસ્થા જ કરી શકે. કોઇ સંસ્થા દ્વારા આવો સ્નેહ પ્રાપ્ત કર્યાનો મારો તો આ પ્રથમ જ અનુભવ હતો. મને આવો ઉમદા અનુભવ કરાવવા બદલ 'ધી ઓપન પેજ' ના ચીફ એડિટર શ્રી અર્ચિત ભટ્ટ સાહેબ, ડો. હીંગુ સાહેબ, પ્રોજેક્ટ ઇન્ચાર્જ શ્રીમતી હંસાબેન ઉપાધ્યાય, જ્યોતિ મેડમ અને સમગ્ર ઓપન પેજ ટીમ તેમજ યજમાન સંસ્થા વાયબ્રન્ટ એકેડમીના ટ્રસ્ટીશ્રી તથા તમામ કર્મચારીઓનો હું હૃદય પૂર્વક આભારી છું.

મારા જીવનનું આ પાનું સદા સર્વદા સૌના માટે ખુલ્લું જ રહેશે જેથી સૌ કોઇ આ પાના પર સોને મઢ્યા મારા સંસ્મરણો જોઇ- વાંચી શકે

**મહેશકુમાર સી. પરમાર**
**પ્રાથમિક આચાર્ય એજ્યુકેટર્સ એવોર્ડ**

"ધી ઓપન પેજ એજ્યુકેટર" સંસ્થાએ મારૂં સન્માન કર્યુ એ બદલ સંસ્થાના પ્રમુખશ્રી અર્ચિતભાઇ ભટ્ટ સાહેબ સહિત સંસ્થાના તમામ સ્નેહી સદસ્યોનો આભાર માની ઋણ સ્વીકાર કરૂં છું.

**ઓપન પેજ એજ્યુકેટર એવોર્ડ સંસ્થાની પ્રસંશનીય બાબતો**

- ઓનલાઇન રજિસ્ટ્રેશન
- પાંચ વર્ષ સુધી રજિસ્ટ્રેશન માન્ય
- જેને કોઇ એવોર્ડ ન આપે તેવા વાલી, સમાજ સેવક, સંચાલક મંડળને એવોર્ડ
- એવોર્ડ આપી પ્રોત્સાહિત કરવાની ભાવના પ્રશંસનીય
- એકવાર રજિસ્ટ્રેશન કર્યા પછી પાંચ વર્ષ સુધી રજિસ્ટ્રેશન માન્ય, જેથી સમય-શક્તિ અને નાણાંનો બચાવ માટેના પ્રયત્નો દીર્ઘદ્રષ્ટિના કહી શકાય.
- પસંદગી સમિતિ જ્યુરી ટીમમાં નિષ્ણાંતોની પસંદગી
- ડો. હસમુખભાઇ હીંગુ સાહેબ જેવા તજ્જ્ઞોનું માર્ગદર્શન પ્રશંસનીય
- પસંદગી માટેના સ્થળોની પસંદગી, રમણીય આયોજન વખાણવા લાયક અને પસંદગી સમિતિના નિષ્ણાંતો અને ઓપન પેજના સભ્યોનું આચરણ અનુકરણ કરવા યોગ્ય.
- એવોર્ડ વિતરણ સમારોહનું સ્થળ, આયોજન, સન્માન, સન્માનપત્ર, ટ્રોફી તેમજ ભાવાવરણ હૃદય સ્પર્શી.
- સંતશ્રી રમેશભાઇ ઓઝા (ભાઇશ્રી) ના હસ્તે સન્માન ચિરસ્મરણીય બની રહેશે.
- જીલ્લાના પ્રથમ નાગરિક કલેક્ટરશ્રી મહેન્દ્રભાઇ પટેલ, જિલ્લા શિક્ષણાધિકારીશ્રી ડો. યુ.એન. રાઠોડ, માજી ડીઇઓ શ્રી સવજીભાઇ ધોળકીયા જેવા સૌહાર્દ કેળવણીકારોની હાજરીમાં સન્માન થયું જે મારા જીવનની પ્રથમ શ્રેષ્ઠ ઘટના કહી શકાય.
- મારી શાળા પરિવાર તેમજ મિત્રમંડળ સહિતની મોટી સંખ્યામાં શિક્ષણ જગતના જ્ઞાનીઓની ઉપસ્થિતિમાં મારૂં સન્માન થયુ એ મારૂં સદ્ભાગ્ય કહી શકાય.

આ સંસ્થા શિક્ષણ જગતના કર્મઠ, સેવાભાવી, પ્રામાણિક તેમજ સમર્પિત લોકોનું સન્માન કરી રહી છે એ બદલ અભિનંદન પાઠવું છું.

આ સંસ્થાએ કરેલ સન્માનનો આભાર માની ઋણ સ્વીકાર કરતા એ બાબતની ખાતરી આપું છું કે જ્યારે આ સંસ્થાને મારી જરૂર હશે ત્યારે હું તન-મન-ધનથી સેવા કરવા તત્પર રહીશ.



આ સન્માને મારા જીવનના વર્ષો વધારી દીધા છે. મને ૭૨ વર્ષે નવો જન્મ મળ્યો છે એવી અનુભૂતિ હું કરી રહ્યો છું. સમાજ, શિક્ષણ જગત, સ્નેહીજનો તેમજ ગ્રામસમસ્તનો મારા પ્રત્યેના આદર-સત્કારમાં વધારો થયેલ છે. જે અંતર્ગત શાળાએ મારૂં ફરીથી ભવ્ય સન્માન કરેલ છે. એનો પણ હું ઋણ સ્વીકાર કરૂં છું.

શાળા કક્ષાએ પણ અનેક સ્નેહીજનો, મિત્રો, શાળા પરિવાર, અચાર્યો, સંચાલકો, કેળવણીકારોની ઉપસ્થિતિમાં આન-માન અને શાનથી ભાવ વિભોર હૃદયે કરેલ સન્માન. આ સન્માન સમારોહના મુખ્ય વક્તા તરીકે ડો. દિપકભાઇ રાજ્યગુરૂ ( વ્યક્તિત્વથી ઋષિત્વ) વિષય પર મનનીય પ્રવચન આપી મારી કારકિર્દીની શિક્ષણજગની સેવા ભાવનાને પ્રકાશિત કરેલ છે.

મને પ્રાપ્ત થયેલ એવોર્ડ હું મારી શાળા, મારા આચાર્યશ્રી, શાળા પરિવાર અને ગ્રામજનોને અર્પણ કરતાં આનંદ અને ગૌરવની લાગણી અનુભવું છું.

"ધી ઓપન પેજ " શિક્ષણ જગત માટે પ્રેરણાના અનેકવિધ કાર્યક્રમો કરી ભારતની ગરિમાને ગૌરવવંતી કરે એવી અંતરની ખૂબ-ખૂબ શુભેચ્છાઓ.

**ડાહ્યાભાઇ સી. પટેલ**
**શ્રેષ્ઠ શાળા સંચાલક એજ્યુકેટર્સ એવોર્ડ**

ધી ઓપન પેજ દ્વારા યોજવામાં આવેલ ૩જો વાર્ષિક એવોર્ડ ૨૦૧૬-૧૭ જે સુરતમાં હતો તેનો પેરેન્ટ કેટેગરીનો વિજેતા હું વેલુમુરગન કે. હું દક્ષિણ ભારતીય છું. પરંતુ લાંબા સમયથી ગુજરાતમાં ગાંધીનગરમાં રહુ છું. હું હૃદય પૂર્વક આભાર વ્યક્ત કરૂ છું.

હું ખૂબજ ચિંતામાં હતો. જ્યારે મેં જાણ્યું કે મારો પુત્ર (DMD) રોગનો શિકારી છે. ત્યારે મારા પર આભ તૂટી પડ્યુ હોય એવુ મને લાગ્યું. હું સમજી શકતો ન હતો. કે શું પરિસ્થિતિ છે.? દિવસેને દિવસે હું અને મારી પત્નિ ડિપ્રેસનમાં જતા હતા. થોડા મિત્રો તેના નિવારણ માટેની સલાહ આપી મે તે પ્રમાણે જુદા-જુદા ડોકટરોનો સંપર્ક શાધ્યો. પરંતુ ચોક્કસ રીતે હજુ સુધી કંઇ ખબર ન હતી. હું DMD રોગથી જાગૃત ન હતો. પરંતુ નિત્યાનંદ વર્મા નામના મારા એક મિત્રએ મને સમય સમય પર આ રોગ વિશે માહિતી પુરી પાડી કે શું અને કેવી રીતે દૂર કરવું, તેના શું લક્ષણો છે વગેરે. ધીમે ધીમે મે DMD રોગ વિશેની માહિતી મેળવી. પોતાના પર અજમાવ્યા પછી મેં અને મારી પત્નિએ DMD રોગને દૂર કરવાનું મિશન બનાવ્યું.

મારી આર્થીક સ્થિતિ સારી નથી. પરંતુ ભગવાન પર શ્રદ્ધા અને થોડા મિત્રોના સાથ સહકાર વગર આનો અંત થઇ શકત નહી. તમારી જાણકારી માટે ૨૦૧૦થી હું ડિપ્રેસનમાં હતો અને આને કારણે હું ડાયાબિટીશથી પીડાઇ રહ્યો છું.

એસ.જી.ઇંગ્લીંશ મિડિયમ સ્કૂલ ગાંધીનગરના આચાર્ય (શ્રીમતી મિલી શાહ) તે મારા પુત્રના શિક્ષકને સંબંધિત ખૂબજ સપોટ કરે છે. અને ધી ઓપન પેજ એજ્યુકેટક એવોર્ડને પણ પ્રમોટ કરે છે. મને કોઇ પણ આઇડિયા કે જ્ઞાન ન હતુ કે કેવી રીતે પ્રવેશ કરવો, અને શુ પ્રક્રિયા છે. પરંતુ અમને શ્રીમતી મિલી શાહ (સ્પેશિયલ એજ્યુકેટર કમ ડિરેક્ટર) ને મળવાની તક મળી, અને અમે આ એવોર્ડમાં ભાગ લીધો.



મને અકલ્પનીય ઘણા બધા અનુભવો થયા. ખાસ આભાર હરી ક્રિષ્ના એક્પોર્ટ પ્રા.લી. સુરત અને પી.પી. સવાની શાળા સુરતને કે જેમણે બધુ જ મેનેજમેન્ટ અને વ્યવસ્થા કરી હતી. જેમકે રહેવાની સારી વ્યવસ્થા, જમવાનું, પરિવહન સુવિધા.

હું શ્રી અર્ચિતજી, શ્રીમતી હંસા ઉપાધ્યા, સહયોગી દાતાઓ, કોર્ડિનેટરો, જ્યુરી-ન્યાયધિશો અને તમામ એ સ્ટાફ કે જે એજ્યુકેટર એવોર્ડમાં જોડાયેલા છે. તેમનો આભાર માનું છું.

અંતમાં હું ભગવાનનો આભાર માનું છું કે જેમણે મને અરવિંદ જેવો પ્રેમાળ પુત્ર આપ્યો.

ધી ઓપન પેજનો એવોર્ડ મેળવ્યા બાદ અમે ખૂબજ ગર્વ અનુભવી રહ્યા છીએ. જ્યારે મને એવોર્ડ મળ્યો મારી આંખોમાં આંસુ હતા અને મેં અનુભવ્યું કે મારે વિશ્વના સારા વાલી બનવું જોઇએ. મારા પુત્ર અને પુત્રી માટે શક્ય તેટલુ બધુ જ હું કરીશ.

મેં મારા પરીવારજનોન DMD વિશેના મારા કાર્યક્રમોમાં આવવા પ્રોત્સાહિત કર્યા. તેમજ પોતાની જાતને પણ સુધારી શકુ તેવા પ્રયત્નો કર્યા. મારી આશા છે કે સમાજ આવા જુદા-જુદા કાર્યક્રમો પ્રત્યે સભાન બને તેમજ ભવિષ્યમાં સરકાર પણ ફુસ્ફુ માટેની દવાઓ શાધવામાં સફળ રહે.

**વેલુમુરગન કે**
**પેરેન્ટ ઓફ ધી યર એજ્યુકેટર્સ એવોર્ડ**

# નારી તને શત શત પ્રણામ

માનવતાની મૂર્તિવતી, તુ ભવ્ય - ભુષણ ભંડાર
દયા ક્ષમા મમતાની આકાર, વિશ્વ પ્રેમની છે તુ આધાર

આખુ વિશ્વ ૮ માર્ચના દિવસે આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ ઉજવે છે. મહિલાઓના સન્માન માટે જાહેર કરેલા આ દિવસનો હેતુ મહિલાઓ માટે શ્રદ્ધા અને માન બતાવવાનો છે. એક મહિલા વગર કોઇપણ વ્યક્તિ પોતાનું જીવન વીતાવી શકતો નથી. તેથી આ દિવસને મહિલાઓના આર્થિક, રાજનૈતિક અને સામાજીક ઉપસ્થિતિના ઉપલક્ષ્ય માટે ઉજવવામાં આવે છે.



મહિલા દિવસની શરૂઆત મહિલાઓના મત દેવાના અધિકાર માટે થઇ હતી. કારણકે ઘણા એવા દેશો હતા જેમા મહિલાઓને મત આપવાનો અધિકાર ન હતો.

એમા અપરિમિત શક્તિ અને ક્ષમતા વિદ્યમાન છે. વ્યવાહિક જીવનમાં બધા ક્ષેત્રોમાં તેમણે કીર્તિમાન સ્થાપિત કર્યુ છે. પોતાના અદ્‌ભુત સાહસ, અથાક પરિશ્રમ તથા બુદ્ધિમતાને આધાર પર વિશ્વપટલ પર પોતાની ઓળખ બનાવવામાં કામ્યાબ રહે છે.

ભારતમાં આઝાદીના આ દિવસને ધામધુમથી ઉજવવામાં આવે છે. ભારતમાં મહિલાઓને શિક્ષણ મેળવવાનો મત આપવાનો અધિકાર પ્રાપ્ત છે. અને મહિલાને પોતાના પતિની સંપતિમાં પણ બરાબરનો હક આપવામાં આવે છે. ભારતમાં મા દુર્ગા અને કાલીની પૂજા થાય છે. તેથી આપણા દેશમાં નારીને દેવી માનવામાં આવે છે. ઘણા સમયથી મહિલાઓની સ્થિતિમાં સુધારો થયો છે. તે ભણી રહી છે. અને આગળ વધી રહી છે. કોઇપણ દેશ કેટલો સારો છે તે સૌથી પહેલા એ જ આધારે કહેવાય છે કે દેશમાં મહિલાઓ કેટલી સુરક્ષિત છે.

આમ તો ૩૬૫ દિવસમાં ભાગ્યેજ કોઇ દિવસ હશે જે મહિલા વગર જતો હોય કેમકે દરેક ક્ષેત્રમાં આપણને ડગલેને પગલે મહિલા વગર ચાલતુ નથી. અને આ એક સત્ય હકીકત છે. દુનિયાનું ઘડતર એક સ્ત્રી વગર અધુરૂં છે. કેમકે ભગવાનને પણ દુનિયામાં જન્મવા માટે એક 'માં' ની જરૂરત પડે છે. તો આપણે માનવી તો ઘણી દૂરની વાત છે. હું નારી શક્તિને હંમેશા વંદન કરૂં છુ. 'નારી તુ નારાયણી' દુનિયાની એ તમામ નારીને હજાર સલામ. જેઓ દુનિયાનું ઘડતર કરવામાં અમૂલ્ય ફાળો આપી રહી છે. માનવીય સંવેદના, કરૂણા, વાત્સલ્ય જેવી પરિપૂર્ણ ઘણી નારીઓએ નિર્માણમાં પોતાનું યોગદાન આપ્યુ છે.

એક એવું ક્ષેત્ર જ્યાં મહિલા સશક્તિકરણની રાહ પર છે. અને પોતાના પક્ષની મજબૂત દાવેદારી બતાવી રહી છે. તે ક્ષેત્ર છે દેશની સુરક્ષા બધા કરતા વધારે અહમ હોય છે. તો પછી આ ક્ષેત્રમાં આખિર મહિલાઓની ભાગીદારી ઓછી કેમ આંકવામાં આવે ? દેશની મિસાઇલ સુરક્ષાની કડીમાં ૫૦૦૦ કિલોમીટરની મારક ક્ષમતાવાળી અગ્નિ ૫ મિસાઇલની જે મહિલા એ સફળ પરિક્રમણ કરી આખા વિશ્વમાં માનસચિત્ર પર ભારતનું નામ રોશન કરી દીધું છે તે છે ટેસી થોમસ.

ડો. કિરણ બેદી ભારતીય પોલીસ સેવાની પ્રથમ વરિષ્ઠ મહિલા અધિકારી છે. તેમણે વિભિન્ન પદોમાં સ્ત્રીને પણ પોતાની કાર્ય કુશળતાનો પરિચય આપ્યો છે. રમત ગમતના જગતમાં પણ મહિલાઓ સફળતાપૂર્વક પોતાની ઓળખ બનાવવામાં કામયાબ થઇ છે. ભારતીય ટ્રેક એન્ડ ફીલ્ડની રાની માનવામાં આવતી. પી.ટી.ઉષા ભારતીય ખેલકુદમાં ૧૯૭૯થી છે તે ભારતના હવે સુધીના બધાથી સારા ખીલાડીઓમાંથી એક છે. માતા બનીને બાળકને જન્મ આપનારી, બહેન બનીને ભાઇની સંભાળ રાખનારી, દિકરી બનીને બાપનું નામ રોશન કરનારી, કુલવધુ બનીને પરિવારની સંભાળ રાખનારી, પત્નિ બનીને પતિનો સહારો બનનારી એક સ્ત્રી તરીકે આવી અનેક જવાબદારી નીભાવનારી સ્ત્રી. એક સ્ત્રીના ઉપકાર આપણે તો શુ ભગવાન પણ ચૂકવી શકતા નથી.

**મકવાણા જેન્સી ડી., સેહુઆ રેના આર.**
**ધોરણ-૧૦**

# જળ એજ જીવન

પાણી આપણા જીવનમાં ખૂબજ ઉપયોગી છે. પાણી વગર જીવન શક્ય નથી. પાણી એ આપણી મૂળભૂત જરૂરિયાત છે. આ પરથી ખબર પડે છે કે મારો આર્ટિકલ વોટર ડે એટલે કે જળ દિવસ પર છે.

પૃથ્વી પર પાણીનો મુખ્ય સ્ત્રોત 'વરસાદ' છે. વરસાદનું પાણી ફક્ત ચોમાસા દરમિયાન ઉપલબ્ધ છે. વરસાદનું પાણી જમીનમાં ઉતરી ભૂગર્ભજળ તરીકે પણ પ્રાપ્ય બને છે. હાલ આપણે ૨૫ % જેટલું ભૂગર્ભજળનો ઉપયોગ કરીએ છીએ. પૃથ્વીની સપાટી પર ૭૦.૯ % ભાગ પાણીથી છવાયેલો છે. ૧.૬% ભાગ ભૂગર્ભજળ સ્વરૂપે હોય છે. ૦.૦૦૧% ભાગ પૃથ્વી પર વાતાવરણમાં પાણીની વરાળ, વરસાદ અને વાદળા સ્વરૂપે હોય છે.

પાણી હંમેશા તેની ત્રણ અવસ્થામાં હોય છે. ઘન, પ્રવાહી અને વરાળ. આપણી પૃથ્વી પર એક અબજ ૪૦ ઘન કિલોમીટર પાણી છે. સમુદ્રો પાણીનો ૯૭% ભાગ ધરાવે છે.

રિયો ડી જેનેરિયોમાં ૧૯૯૨માં આયોજિત પર્યાવરણ તથા વિકાસની સંયુક્ત રાષ્ટ્ર સંમેલન (UNCED) વિશ્વ જળ દિવસ ઉજવવા માટે ભરાઇ હતી. ૨૨મી માર્ચ એટલે વિશ્વ જળ દિવસ. પાણી બચાવવાના સંકલ્પનો દિવસ આપણા દેશમાં સરેરાશ વાર્ષિક વરસાદ ૧૧૭ સે.મી. પડે છે. ભારતના બાકીના ભાગોમાં ૧૫૦ થી ૨૦૦ સે.મી. ની વચ્ચેની માત્રામાં વરસાદ પડે છે.

સ્વચ્છ પીવાલાયક પાણી માનવ અને અન્ય જીવસૃષ્ટિ માટે આવશ્યક છે. પાણીની રાસાયણિક સંજ્ઞા $H_2O$ છે. કુલ વસ્તી ૨/૩ કૃષિક્ષેત્ર ના લોકો હજી વરસાદ પર આધાર રાખે છે. આજના યુગમાં પણ વિશ્વના ૧.૫ અબજ લોકોને પીવાનું સ્વચ્છ પાણી નથી મળતું. પાણીના સંરક્ષણ અને દેખરેખ પર જાગૃતતા ફેલાવવાનું કાર્ય કરવું જોઇએ.

- મુંબઇમાં રોજ વાહન ધોવા માટે જ ૫૦ લાખ લીટર પાણીનો ખર્ચ થાય છે.
- દિલ્લી, મુંબઇ અને ચેન્નઇ જેવાં મહાનગરોમાં પાઇપલાઇનોની નુકશાની ને કારણે રોજ ૧૭ થી ૪૦% પાણી એમજ વહી જાય છે.
- ઇઝરાયલમાં આશરે માત્ર ૧૦ સેન્ટીમીટર વરસાદ થાય છે. આ વરસાદ દ્વારા તેઓ એટલુ બધુ અનાજનું ઉત્પાદન કરે છે કે તેઓ અનાજની નિકાસ કરી શકે છે. જ્યારે ભારતમાં આશરે ૫૦ સે.મી. થી વધારે વરસાદ થાય છે. તો પણ અનાજની તંગી ઉભી થાય છે.
- ભારતીય સ્ત્રી પીવાના પાણી માટે રોજ આશરે ચાર માઇલ ચાલીને જાય છે.
- પાણી પીવા માટે માણસને દરરોજ ૩ લીટર અને પશુઓને ૮૦ લીટર પાણી જોઇએ.
- ૧ કિલો ઘઉં ઉગાડવા માટે ૧ હજાર લીટર અને ૧ કિલો ચોખા ઉગાડવા માટે ૪ હજાર લીટર પાણીની આવશ્યકતા હોય છે.

હવે, સમય આવી ગયો છે કે આપણે વરસાદના પાણીનો વધારેમાં વધારે સંગ્રહ કરી શકીએ. વરસાદનું એક ટીપુ પણ હવે આપણા માટે ખૂબજ ઉપયોગી છે.

પહેલા આપણો દેશ તેવો દેશ કહેવાય તો હતો કે જેની ગોદમાં હજારો નદીઓ વહે છે. આજે તે નદીઓ સેકડોમાં વધી છે. ક્યાં ગઇ તે નદીઓ તે કોઇ કહી શકતુ નથી. હવે આપણે પાણીનો સંગ્રહ કરવો જોઇએ.

**સહાની શિતલ એસ., ભટ્ટ રૂત્વી**
**ધોરણ-૧૦**

# આંતરરાષ્ટ્રીય માતૃભાષા દિનની ઉજવણી


રામેશ્વર શિક્ષણ સંકુલ

**આપણી વ્હાલી માતૃભાષા ગુજરાતીની અસ્મિતાના સંવર્ધન હેતુ સર ૨૧ ફેબ્રુઆરીના રોજ આંતરરાષ્યટ્રીય માતૃભાષા દિન અને 'માતૃભાષા સપ્તાહ' શાળાઓમાં ઉજવવામાં આવ્યો.**

**આ દિવસની ઉજવણીમાં શાળાઓમાં વિવિધ પ્રવૃત્તિઓ અને સ્પર્ધાઓ રાખવામાં આવી હતી. વિદ્યાર્થીઓને ગુજરાતના શ્રેષ્ઠ કવિઓ, લેખકો, સર્જકો અને વિવેચકોની માહિતીનું આદાન પ્રદાન કરવામાં આવેલું શાળાના કાર્યક્રમોમાં આચાર્ય અને ટ્રસ્ટીઓ ઉપસ્થિત રહી બાળકોનાં ઉત્સાહમાં વધારો કર્યો હતો.**

**બાળકો અને શિક્ષક મિત્રોએ માતૃભાષાનું ગૌરવ જાળવવા તેની મહતા વધારવા વિવિધ પ્રવૃત્તિઓમાં ઉત્સાહ અને ઉમંગનાં રંગો રેલાવ્યા હતા.**






ચાર્મ મેમોરીયલ સ્કૂલ, પોરબંદર


ગુલશને મહેર સ્કૂલ


સરસ્વતી હાઇસ્કૂલ, જૂનાગઢ


ત્રિપદા હાઇસ્કૂલ





ચિંતા ચિતાથી પણ વધારે ખરાબ છે. કારણકે ચિતા તો નિર્જીવ વસ્તુને બાળે છે પણ ચિંતા તો સજીવ શરીરને બાળે છે. — રહીમ

# ૧૫ માર્ચ ગ્રાહક સુરક્ષા દિન




ઉત્પાદકો અને વેપારીઓ દ્વારા વધુ નફો મેળવવા માટે વિવિધ રીતે ગ્રાહકોનું શોષણ થાય છે. આ શોષણ અટકાવી ગ્રાહકોના હિતોનું રક્ષણ કરવું એટલે ગ્રાહક સુરક્ષા.

- ભારતમાં ગ્રાહક સુરક્ષાનો ખ્યાલ પ્રાચીન છે. કૌટિલ્યના અર્થશાસ્ત્રમાં વેપાર સંબંધી ગેરરીતિઓ બદલ શિક્ષાનો ઉલ્લેખ છે.
- ગ્રાહક સુરક્ષાને પ્રાત્સાહન આપવા માટે દર વર્ષે ૧૫મી માર્ચનો દિવસ વિશ્વભરમાં ગ્રાહક અધિકાર દિન તરીકે ઉજવાય છે.
- ઉત્પાદકો અને વેપારીઓ દ્વારા વધુ નફો મેળવવા માટે થતા ગ્રાહક શોષણને અટકાવવા સરકારે ૨૪મી ડિસેમ્બર ૧૯૮૬ના રોજ ગ્રાહક સુરક્ષા ધારો પસાર કર્યો.
- ઇ.સ. ૧૯૭૨માં ગ્રાહક સુરક્ષાના કાર્યક્રમોની શરૂઆત થઇ હતી.
- ઇ.સ. ૧૯૯૧ પછી ખાનગીકરણ અને ઉદારીકરણ જેવા આર્થિક સુરક્ષા સાથે ગ્રાહક સુરક્ષાનો ખ્યાલ વધુ વિકસ્યો છે.
- વૈશ્વિકીકરણ અને હરિફાઇના યુગમાં ગ્રાહકને તેના ખર્ચેલા નાણાંનુ પૂરૂં વળતર મળે તે આજની અર્થવ્યવસ્થાનો મહત્વની આવશ્યકતા છે.
- ગ્રાહકોના હિતોનું રક્ષણ થાય અને તેમને જીવનજરૂરી ચીજવસ્તુઓ સરળતાથી પ્રાપ્ત થાય તે ગ્રાહક જાગૃતિનો ઉદ્દેશ છે.
- ગ્રાહક ભેળસેળ, હલકી ગુણવત્તા, નકલી માલ, ઓછુ તોલમાપ અને લલચામણી જાહેરાતોનો ભોગ ન બને.
- ગ્રાહક શોષણ કે છેતરપિંડીનો ભોગ બને ત્યારે તેને યોગ્ય વળતર મળી શકે.
- વેપારી, ઉત્પાદક અને ગ્રાહક વચ્ચે વિશ્વાસ નિતિમતા જળવાઇ રહે અને તંદુરસ્ત સમાજનું નિર્માણ થાય.
- ગ્રાહકોના અધિકારોનું રક્ષણ થાય ગ્રાહકોના હિતો જળવાય રહે
- ગ્રાહક વાજબી ભાવે સારી ગુણવત્તાવાળી ચીજ વસ્તુઓ મેળવી શકે.
- ગ્રાહકને છેતરપિંડીની વિવિધ તરકીબોની જાણકારી મળે.
- સંગ્રહખોરી, નફાખોરી, કાળાબજાર, ભેળસેળ, નકલી માલનું વેચાણ નબળી ગુણવત્તા જેવી ભ્રષ્ટાચારી રીતરસમો ઘટે.
- ગ્રાહકને વસ્તુ સંબંધી તમામ માહિતી પ્રાપ્ત થાય અને તે ખરા અર્થમાં બજારતંત્રનો રાજા બને.
- ગ્રાહકને તેના અધિકારો, તેની ફરજો અને તેની જવાબદારીઓ અંગે જાણકારી મળે તે માટે ગ્રાહક સુરક્ષા અને ગ્રાહક જાગૃતિમાં વૃદ્ધિ જરૂરી છે.
- ગ્રાહક જાગૃતિ દ્વારા ગ્રાહકોનું શોષણ અટકાવવા ગ્રાહક સુરક્ષા શિક્ષણ અને સંશોધન તાલિમ કેન્દ્રો, કન્ઝ્યુમર ગાઇડન્સ સોસાયટી ઓફ ઇન્ડિયા જેવી સ્વૈચ્છિક સંસ્થાઓ અને ગ્રાહક સુરક્ષા મંડળો મહત્વનું કાર્ય કરે છે.
- ગ્રાહક સુરક્ષા મંડળો ગ્રાહકોમાં જાગૃતિ લાવવા માટે ગ્રાહક શિક્ષણ તાલીમ અને માર્ગદર્શન આપવા માટે સેમિનાર, પરિસંવાદ અને પ્રદર્શનનું આયોજન કરે છે.
- ગ્રાહક સુરક્ષા, ઇનસાઇડ અને ધી કન્ઝ્યુમર જેવા મેગેઝીનો દ્વારા ગ્રાહક જાગૃતિનો પ્રચાર કરે છે.
- ગ્રાહકોને છેતરપિંડીની વિવિધ તરકીબોની માહિતી પૂરી પાડે છે.
- ભેળસેળ, કાળાબજાર, નકલી માલની બનાવટ કરતા વેપારીઓ અને ઉત્પાદકો સામે કાર્યવાહી કરીને ગ્રાહકને વળતર અપાવે છે.
- ગ્રાહકવતી વકીલ રોકીને કોર્ટમાં કેસ ચલાવી ગ્રાહકોને ન્યાય અપાવે છે.
- ગ્રાહકોના અધિકારો અને હિતોનું રક્ષણ કરવા ગ્રાહક જાગૃતિના વિવિધ કાર્યક્રમો યોજે છે.
- તંદુરસ્ત અને વિકસિત સમાજની પૂર્તિ માટે ગ્રાહક સુરક્ષા મંડળો સતત પ્રયત્નો કરે છે.
- વર્તમાનપત્રોમાં ગ્રાહકોને માહિતી આપતા લેખો પ્રસિદ્ધ કરે છે.
- ગ્રાહક જાગૃતિ માટે ટેલિવિઝન અને રેડિયો પર જાહેરાતો આપે છે.
- ગ્રાહક જાગૃતિ અંગેની ફિલ્મો, પત્રિકાઓ, પુસ્તિકાઓનું વિતરણ કરે છે.
- ગ્રાહક સુરક્ષા માટે ગ્રાહકને કેટલાક અધિકારો પણ આપવામાં આવ્યા છે.
- સલામતીનો અધિકાર
- માહિતી મેળવવાનો અધિકાર
- પસંદગીનો અધિકાર
- રજુઆત કરવાનો અધિકાર
- ફરિયાદ નિવારણનો અધિકાર
- ગેરવ્યાજબી પ્રવૃતિઓ સામે રક્ષણ મેળવવાનો અધિકાર
- શિક્ષણ મેળવવાનો અધિકાર
- વળતર મેળવવાનો અધિકાર
- જીવન જરૂરી સેવાઓ મેળવવાનો અધિકાર

ગોહેલ બંસી બી.
ગોહેલ દેવ્યાની જે.
ધોરણ-૧૦સી

# કલ્પેશભાઈ અખાણીને પ્રો પી. એ.પંડ્યા વિજ્ઞાન ટીચર એવોર્ડ



રાધનપુરની શેઠ કે.બી.વકીલ વિવિધ લક્ષી વિદ્યાલયમાં ૨૧ વર્ષથી વિજ્ઞાન શિક્ષક તરીકે ફરજ બજાવતા શ્રી કલ્પેશ દીનબંધુભાઇ અખાણીને ગુજરાત સાયંસ એકડ્મી દ્વારા પ્રો. પી.એ.પંડ્યા સાયંસ ટીચર સર્ટીફીકેટ ઓફ એપ્રિસિયેશન એવોર્ડથી સન્માન કરવામાં આવ્યું છે.

તા. ૪/૨/૨૦૧૭ ના રોજ પંડિત દિન દયાલ પેટ્રોલિયમ યુનિવર્સિટી- ગાંધીનગર મુકામે યોજાયેલા ગુજરાત વિજ્ઞાન એકડ્મીના ૩૧માં વાર્ષિક અધિવેશનમાં યુનિવર્સિટી ઓડોટોરીયમમાં ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીના હસ્તે આ એવોર્ડ આપવામાં આવ્યો.

પ્રાથમિક, માધ્યમિક, કોલેજ કક્ષા તેમજ વિશિષ્ટ પ્રદાન માટે ૧૧ જેટલા મહાનુભાવો નું સન્માન કરવામાં આવ્યું. તા. ૨૪ ડિસેમ્બરના રોજ ભૌતિક શાસ્ત્ર વિભાગ-વિજ્ઞાન ભવન ગુજરાત યુનિવર્સિટી ખાતે યોજાયેલા પ્રેસન્ટેસન કાર્યક્રમમાં કલ્પેશભાઇ અખાણી એ વૈજ્ઞાનિકોની ઉપસ્થિતિમાં પોતાનાં ૨૧ વર્ષના સમયગાળામાં વિજ્ઞાનની વિદ્યાર્થી લક્ષી પ્રવૃત્તિઓ નું પાવર પ્રેઢન્ટેશન રજુ કર્યુ હતું. તેમણે ૧૦૦ જેટલા ગણિત વિજ્ઞાનના મોડેલો તૈયાર કરેલ છે. તેની વિગતો રજુ કરી હતી. ગણિત વિષયમાં મનોરંજક ગણિતને લગતા ૮ પુસ્તકો લખ્યા છે. વિવિધ સામયિકો તેમજ દૈનિકપત્રોમાં ૧૦૦ કરતાં વધારે લેખો પ્રસિધ્ધ થયેલ છે. વિષય તજજ્ઞ તરીકે ૧૦૦ કરતાં વધારે સેમિનાર, વર્કશોપ તેમજ અધિવેશનમાં હાજરી આપી છે.

આ અગાઉ ગુજરાત ગણિત મંડળ દ્વારા વર્ષ ૨૦૧૨નો શ્રેષ્ઠ લેખક તરીકેનો પ્રો બી.એમ.વ્યાસ એવોર્ડ, ઓલ ઇંડિયા રામાનુજન મેથ્સ કલબ દ્વારા બેસ્ટ નેશનલ મેથ્સ ટીચર એવોર્ડ તેમજ રામાનુજન એવોર્ડ, સંસ્કૃતિ તેમજ પર્યાવિપણ ટ્રસ્ટ દ્વારા બેસ્ટ ઇકો ઓફિસર એવોર્ડ તેમજ લોહાણા મહા પરિષદ દ્વારા ઇંટર નેશનલ પ્રોફેશનલ ટેલેન્ટ એવોર્ડ મેળવી ચુક્યા છે. શાળા પરિવાર દ્વારા તેમને અભિનંદન પાઠવવામાં આવ્યા.

## રંગ પૂરણી

**ધોરણ ૧ થી ૪ સુધીના જ વિદ્યાર્થીઓએ ચિત્રમાં રંગ પૂરી અમને ૨૦-૦૩-૨૦૧૭ સુધીમાં નીચેના સરનામે મોકલી આપશો.**

ધી ઓપન પેજ, ૪થો માળ, વિશ્વ આર્કેડ, અખબારનગર પાસે, નવાવાડજ, અમદાવાદ-૧૩

**શ્રેષ્ઠ રંગ પૂરણીને ભેટ**

**નામ:** ____________________

**સ્કૂલનું નામ:** ____________________

**ધોરણ:** ____________ **મો.નં.:** ____________


ફોટો




## ચિત્રો ગણી અને યોગ્ય જવાબ પર ગોળ કરો




## ચિત્રમાં આપેલા ફળોને નીચે આપેલી સંખ્યા પ્રમાણે કાપી અને યોગ્ય બોક્સમાં લગાવો




## નંબર પ્રમાણે ટપકા જોડો




## નીચે આપેલા સમુદ્રી પ્રાણીઓના નામ શોધો


| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| લી | વ્હે | સ | હ | અ | શા | દુ |
| સ્ટા | લ | મુ | વ | જા | ય | એ |
| ર | ન | દ્રી | જે | સી | જ | કા |
| ફિ | મી | ધો | લી | લ | ચ | ઓ |
| શ | ડી | ડો | ફિ | બો | સ | ક્ટો |
| ર | હા | શ | શ | ટી | શ | પ |
| પી | કો | રા | ના | ર | ફિ | સ |
| ઈ | ર | મે | તી | ગ | લ્ડ | ન |
| ડો | લ | ફિ | ન | મ | ગો | મી |

૧. જેલીફિશ
૨. ડોલફીન
૩. શાર્ક
૪. વ્હેલ
૫. એજલફીસ
૬. મગર
૭. ઓક્ટોપસ
૮. કોરલ
૯. સામુદ્રીઘોડો
૧૦. સ્ટાર ફિશ
૧૧. ગોલ્ડ ફિશ
૧૨. ઈલ
૧૩. કાચબો
૧૪. મેનાટીસ
૧૫. સીલ


## માછલીઓની યોગ્ય ગણતરી કરી જવાબ લખો




## સરખા દેખાતા બે ચિત્રમાંથી છ તફાવત શોધો




## ચાલો હરણ દોરતા શીખીએ




## ગુણાકાર કરો


**અંદર આપેલી એક સંખ્યાને બહાર આપેલી સંખ્યા સાથે ગુણાકાર કરો અને જવાબ સૌથી બહારના ગોળમાં લખો**





## યોગ્ય ગણતરી કરો




## યોગ્ય ગણતરી કરો





## યોગ્ય ગણતરી કરો








## સરવાળા કરો અને આપેલા કલર જવાબના ખાનામાં પૂરો

- red – 6
- dark blue – 8,9,11
- gray – 10,12,15
- dark green – 7,13,18
- purple – 4,5
- brown – 3,14



## માછલીને એક્વેરીયમ સુધી પહોંચવામાં મદદ કરો



# શહીદ ભગતસિંહ




૨૩ માર્ચ ૧૯૩૧ના દિવસે ભારતે એનો એક બહાદુર સપૂતને ખોયો, જે આજે પણ લાખો ભારતીયોના મનમાં દેશપ્રેમ જગાવે છે. સાંજે ૭:૧૫ વાગે એ દિવસે ભગતસિંહની સાથે સુખદેવ અને રાજગુરૂને ફાંસી આપવામાં આવી હતી. ભગતસિંહ એક ક્રાંતિકારી હતા. ભારતની આઝાદીની લડતના સૌથી વધારે પ્રભાવશાળી ક્રાંતિકારી હતા. એમની નાની ૨૪ વર્ષની જીંદગીમાં એમણે ખૂબજ વધારે અસરકારક કાર્યો કર્યા અને એને કારણે આજે પણ એમનું નામ માત્ર આપણા મનમાં સાચો અને નિ:સ્વાર્થ દેશ પ્રેમ જગાવે છે. હસરત મોરનીએ લખેલા સૂત્ર 'ઇન્કલાબ ઝિંદાબાદ' નો ભગતસિંહે ઉપયોગ કર્યો અને આ સૂત્રને અમર બનાવ્યું. આ માર્ચ મહિનામાં આવા સારા ક્રાંતિકારીઓને યાદ કરીને એમના જીવનના અગત્યના બનાવો વિષેની જાણકારી વાંચક મિત્રોને આપવી મને જરૂરી લાગે છે.

ભગતસિંહનો જન્મ ૨૭ સપ્ટેમ્બર ૧૯૦૭ માં પંજાબના લીલાપુર જીલ્લામાં જરતવાલા તાલુકાના બંગા ગામમાં થયો હતો. આ ગામ પાકિસ્તાનના પંજાબ ક્ષેત્રમાં આવેલું છે. એમના પિતાનું નામ કિશનસિંહ અને માતાનું નામ વિદ્યાવતિ કોર હતુ. એમનું ભણતર લાહોરની D.A.V.School માં અને પછી નેશનલ કોલેજમાં ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કર્યું. જનમથી ભગતસિંહ એક શીખ હતા. પણ આગળ જતા એ નાસ્તિક બની ગયા. તેઓ સમાજવાદ, અરાજ્યવાદ અને સામ્યવાદમાં માનતા હતા. એ વખતે ઇન્ડીયન નેશનલ કોંગ્રેસ પણ સમાજવાદમાં માનતી હતી.

નાનપણથી જ ભગતસિંહને રાષ્ટ્રીયવાદના પાઠ શીખવા મળ્યા. એમના જન્મ વખતે એમના પિતા અને બે કાકા અજીતસિંહ અને સ્નરનસિંહ જેલમાં હતા. એમણે ૧૯૦૬માં બનેલા કોલોનાઇઝેશન બીલના વિરોધમાં પ્રદર્શન કર્યા હતા, અને એમની ધરપકડ થઈ હતી. અને એમને જેલમાં પુરી દેવામાં આવ્યા હતા. અજીતસિંહે એક સંસ્થાની સ્થાપના કરી હતી. જેનું નામ 'Patriots Association' હતુ. એમણે બધા ખેડૂતોને 'ચીનાબ કેનાલ કોલોની બીલ' ની વિરૂદ્ધ પણ ઉભા કર્યા હતા. ભગતસિંહનું કુટુંબ એ વખતની ગદર પાર્ટીનું સમર્થક પણ હતું. આમ ઘરના રાજકીય વાતાવરણને કારણે ભગતસિંહમાં દેશપ્રેમની લાગણી ખૂબજ ઉંડા અર્થમાં ઊતરી હતી.


એ વખતના ઘણા બનાવો એ એમની મજબૂત અંદાજમાં દેશપ્રેમની વિચાર શૈલી ઘડવામાં મદદ કરી હતી. ૧૯૧૯માં થયેલ જલીયાવાલા બાગનાં નરસંહાર, ૩૧ ઓગષ્ટ ૧૯૨૦માં ગાંધીજીએ શરૂ કરેલી અસહકાર ચળવળ, ૧૯૨૦માં અકાલીઓનો નાનકાના સાહેબમાં ખાતમો, જેવા બનાવોને અગત્યનો ભાગ ભજવ્યો. ગાંધીજીએ ચોરી-ચોરીના બનાવ પછી અસહકાર ચળવળ પાછી ખેંચી લીધી. અસહકાર ચળવળમાં ભગતસિંહે પણ ખૂબ મનપૂર્વક ભાગ લીધો હતો, અને સરકારી ચોપડીઓને બાળી હતી. ગાંધીજીના આ નિર્ણયથી ભગતસિંહ ખૂબજ ના ખુશ થયા. અને એમણે ગાંધીજીના અહિંસા ચળવળને સાથ ન આપવાનું નક્કી કર્યું. તે વખતે તેઓ 'યંગ રીવોલ્યુશનરી મૂવમેન્ટ' નામની સંસ્થામાં જોડાયા. આ રીતે એમની બ્રિટીશ રાજ સામે બંડખોર લડતની યાત્રાનો આરંભ થયો.

ભગતસિંહ એ વખતની યુરોપમાં ચાલતી રાષ્ટ્રીય લડતથી પ્રભાવીત થયા હતા. ૧૦૨૫ માં ૧૮ વર્ષની ઉંમરે એમણે નવજીવન ભારત સભાની સ્થાપના કરી અને એના એ સચિવ બન્યા. થોડા સમય પછી તેઓ હિંદુસ્તાન રિપબ્લીક એસોસીએશન (HRA) માં જોડાયા. ચંદ્રશેખર આઝાદ અને સુખદેવ જેવા ક્રાંતિકારીઓની સાથે એમણે આ સંસ્થાને નવું નામ હિંદુસ્તાન સોશિયલ અને રીપબ્લીક એસોસીએશન (HSRA) આપ્યુ.

ચંદ્રશેખરને આઝાદ નામ કેવી રીતે મળ્યું એ પણ એક અનોખી વાત છે. મહાત્મા ગાંધીની અસહકારની ચળવળમાં એમણે ભાગ લીધો હતો એ વખતે એમની ધરપકડ થઇ. અને એમને મેજીસ્ટ્રેટ સામે લઇ જવાયા. કોર્ટમાં એમણે એમનું નામ 'આઝાદ' એમના પિતાનું નામ 'સ્વાતંત્રતા' અને રહેઠાણ 'જેલ' બતાવ્યું હતુ. ત્યારથી તેઓ ચંદ્રશેખર આઝાદના નામે ઓળખાવવા લાગ્યા.

ભગતસિંહ એ વખતે કિર્તિ કિસાન પાર્ટી સાથે પણ જોડાયા. એમના મેગેઝીન 'કિર્તિ'માં નિયમિતથી લેખ લખતા હતા. નાનપણથી જ ભગતસિંહ ખૂબજ વાંચતા હતા. તેઓએ યુરોપની રાષ્ટ્રીય ચળવળ વિષે બહુજ વાંચ્યુ હતુ. અને ફ્રેડરીક એન્જલ અને કાર્લ માક્સથી બહુજ પ્રભાવીત થયા હતા. એને જ કારણે એમનો સમાજવાદ તરફનો ઝોક સ્વાભાવિક હતો. તેઓ નિયમિત રૂપે એક સમાચાર પત્ર 'વીર અર્જુન'માં પણ લેખો લખતા હતા. એમના લેખોમાં મુખ્યત્વે હિંસક બળવા ઉપર અને એની મદદથી બ્રિટીશ રાજ્યને ઉખાડી ફેંકવાની વાતો ચર્ચાતી હતી. આ લેખો નવજવાનોને પ્રભાવિત કરતા હતા.

૧૯૨૮માં 'સાઇમન' કમીશન ભારત આવ્યું. એ બ્રિટનના સાત ધારા સભ્યોનું કમીશન હતુ. જેના મુખ્ય સર આલ્સબ્રુક સાઇમન હતા અને શ્રી કલેમન્ટ એટલી એના એક સદસ્ય હતા. શ્રી એટલી પાછળથી બ્રિટનના પ્રધાનમંત્રી બન્યા. અને એમના જ હસ્તાક્ષર સહ ભારત અને પાકિસ્તાનને ૧૯૪૭માં આઝાદી મળી. આ વાત મેં સપ્ટેમ્બરમાં પ્રકાશીત લેખમાં લખી હતી. આ કમીશન 'Government of India Act ૧૯૧૯' ની દસ વર્ષે સમીક્ષા માટે આવ્યુ હતુ. આ કમીશન ભારતનું સંચાલન કેવી રીતે કરવું એ વિશે હતુ. પણ એમાં એકપણ ભારતીયને સ્થાન નહોતું મળ્યુ. જેના કારણે કોંગ્રેસે ડિસેમ્બર ૧૯૨૭ માં એનો બહિષ્કાર ધોષિત કર્યો હતો.



લાલા લજપતરાય જે બહુજ સન્માનિય રાષ્ટ્રવાદી નેતા હતા, એમણે આ કમીશનનો લોહોર રેલ્વે સ્ટેશન પર ૩૦ ઓક્ટોબર ૧૯૨૮ના દિવસે કમીશનના આગમન વખતે બહિષ્કારના દેખાવો કર્યા. ત્યાં પોલીસે ખૂબજ અમાનવીય લાઠી ચાર્જ કર્યો જેમાં લાલા લજપતરાયને માથામાં ગંભીર ઇજા થઇ. આ ઇજાને કારણે ૧૭ નવેમ્બર ૧૯૨૮ના દિવસે એમનું મૃત્યુ થયું. એમના મરણે ભારતભરમાં ખૂબ જ આક્રોશ પેદા કર્યો. ભગતસિંહે ચંદ્રશેખર આઝાદની સાથે એમના મૃત્યુનું વેર વાળવા એ વખતના સુપ્રિટેન્ડન્ડ ઓફ પોલિસ જેમ્સ સ્કોટને મારી નાખવાની યોજના બનાવી. ભગતસિંહ અને ચંદ્રશેખરને એવું લાગતું હતુ કે લાઠી ચાર્જનો હુકમ જેમ્સ સ્કોટે આપ્યો હતો. પણ ભૂલથી એમણે આસીસ્ટન્ટ સુપ્રિટેન્ડન્ટ ઓફ પોલિસ જે.પી.સુંડરને સ્કોટ માનીને ગોળી મારી અને તેમને મારી નાખ્યા. માર્યા પછી એ બધા ભાગી ગયા. ભગતસિંહે લાહોર છોડ્યુ. ઓળખાય નહી એ માટે ભગતસિંહે દાઢી કાઢી નાખી અને વાળ પણ કાપ્યા.

ભગતસિંહ અને બટુકેશ્વર દત્તે દિલ્હીમાં પાર્લમિન્ટમાં બોમ્બ ફેંકવાની યોજના બનાવી. આ યોજના Indian Defense Act ના વિરોધમાં બનાવવામાં આવી. ૧૯૧૫માં આ કાયદો વિશ્વયુદ્ધ વખતે રાષ્ટ્રને દુશ્મનથી બચાવવા માટે બનાવ્યો હતો. પણ એને વિસ્તૃત કરીને એનો ઉપયોગ ભગતસિંહ જેવા ક્રાંતિકારીઓ સામે થવા લાગ્યો. ખાસ કરીને બંગાળ, પંજાબ અને મહારાષ્ટ્રમાં એનો દુરઉપયોગ કરવામાં આવ્યો. ૮મી એપ્રિલ ૧૯૨૯ના દિવસે ભગતસિંહ અને બટુકેશ્વરે મુલાકાતીઓની ગેલેરીમાંથી પાર્લમિન્ટમાં બોમ્બ ફેંક્યો. એ બોમ્બ ખૂબજ ઓછી શક્તિવાળો હતો અને લોબીમાં ફેંકવામાં આવ્યો હતો જેથી હાજર લોકોને કોઇ ઇજા ના થાય. છતાં પણ નાસભાગમાં થોડાને ઇજા થઇ હતી. બોંબ ફેંકીને બંને જણા ત્યાંજ ઉભા રહ્યા અને ઇન્કલાબ ઝીંદાબાદના નારા લગાવ્યા. સાથે ઘણા ચોપાનિયા પણ ત્યાં નાખ્યા. એમની યોજના આખા દેશને અને બ્રિટિશ પાર્લમિન્ટને એમની વાતો સંભળાવવાની અને દેશને જાગૃત કરવાની હતી. આખરે ત્યાં પોલિસે એમની ધરપકડ કરી.

આ બોમ્બ ધડાકા પછી દેશભરમાં ઓહાપો થઇ ગયો. કોંગ્રેસ અને બીજા રાજકીય નેતાઓએ એનો વિરોધ કર્યો. આ વિરોધીઓને ભગતસિંહે કેસ વખતે કહ્યુ કે બળ જ્યારે આક્રમકતાથી ઉપયોગ કરવામાં આવે તો એને હિંસા કહે છે. અને હિંસા કદાપી નૈતિકતા ધરાવતી નથી. પણ જ્યારે એનો ઉપયોગ મોટા કાયદેસર કારણને પ્રાપ્ત કરવા માટે થાય તો એને નૈતિક રૂપે પણ ન્યાય સંગત કહી શકાય છે. ભગતસિંહ અને બટુકેશ્વર ઉપર ચાલેલા આ કેસમાં બંનેને ઉંમર કેદની સજા થઇ હતી.

આજ દરમ્યાન પોલિસે હિંદુસ્તાન સોસીયાલીસ્ટ અને રીપબ્લીક એસોસીએશનની જગ્યાઓ અને બોમ્બ બનાવવાના સ્થાનો પર છાપા પાડ્યા. આ છાપામાં સુખદેવ, રાજગુરૂ સહીત ૨૧ ક્રાંતિકારોની ધરપકડ કરવામાં આવી. આમાંથી પાંચ ક્રાંતીકારો સરકારના સાક્ષી બની ગયા. આ કેસ માટે અને સુંડરના ખૂનના કેસ માટે ભગતસિંહ અને બટુકેશ્વરને લાહોર ખસેડવામાં આવ્યા. જેલમાં સારી સગવડો અને ખાવાના માટે બંનેએ ભૂખ હડતાલ શરૂ કરી. પાછળથી જેલના બધાજ સાથીઓ પણ આ હડતાલમાં જોડાયા. કુલ પાંચ મહિના સુધી ભૂખ હડતાલ ચાલી. ગાંધીજીએ કરેલા ભૂખ હડતાલના દિવસો જો જોડવામાં આવે તો પણ તેના કરતા ભગતસિંહ અને એમના સાથીઓની ભૂખ હડતાલ લાંબા સમય માટે ચાલી હતી.

આ કેસને 'Lahore Conspiracy Care' તરીકે પણ ઓળખવામાં આવે છે. આ કેસ ખૂબજ ધીરે આગળ વધી રહ્યો હતો. એને જલ્દી પતાવવા માટે એ વખતના વાઇસરોય લોર્ડ ઇરવીને એક અધ્યાદેશ જાહેર કર્યો. આ અધ્યાદેશ અનુસાર કેસને ત્રણ જજની પેનલને સોંપવામાં આવ્યો. અને કેસને અમુક ચોક્કસ સમયમાં પૂર્ણ કરવાની જોગવાઇ હતી. એના અનુસાર આ કેસના ચુકાદાને સુપ્રીમ કોર્ટમાં પડકારી ના શકાય એવી પણ જોગવાઇ કરાઇ હતી. આ અધ્યાદેશને ત્યાર પછી ક્યારે પણ ભારત અથવા બ્રિટનની પાર્લમિન્ટમાં પાસ કરવામાં ન આવ્યો. એને કારણે એ અધ્યાદેશ ગેર બંધારણીય અને અયોગ્ય કહેવાય. એનો એક માત્ર હેતુ ભગતસિંહને જેટલું બને શકે એટલું જલ્દી ફાંસીએ ચઢાવવાનો જ હતો. ૭મી ઓક્ટોબર ૧૯૩૦ના દિવસે ટ્રીબ્યુનલે એનો ચુકાદો સંભળાવ્યો અને ભગતસિંહ, સુખદેવ અને રાજગુરૂને ફાંસીની સજા આપવામાં આવી. ભગતસિંહનું Death Warrant ની કોપી અહી બતાવવામાં આવી છે.

આ લાહોર કાવતરા કેસની સુનાવણી એક ફારસ જ હતું. આ કેસની વિગતો દેશના જાણીત કાનૂની નિષ્ણાંત શ્રી એ.જી.નૂરાનીએ એમની કિતાબ 'The Trial of Bhagat Singh' માં વર્ણવી છે. આ ટ્રીબ્યુનલનું ગઠન પાંચમી મેં ના દિવસે થયું. ૧૨મી મેંના દિવસે બધાજ આરોપીઓએ કેસમાં આગળ ભાગ લેવાની ના પાડી દીધી. અને કેસનો બહિષ્કાર કર્યો. એમના વકિલ અમોલક રામ કપુરને ફરિયાદ પક્ષે રજૂ કરેલા ૪૫૭ સાક્ષીઓની ઉલટ તપાસ કરવાની પરવાનગી ન આપવામાં આવી. એમને આરોપી તરફથી કોઇપણ સાક્ષી લાવવા માટેની પણ પરવાનગી ન આપવામાં આવી માત્ર પાંચ આરોપી જે સરકારી સાક્ષી બની ગયા હતા. એમની જ ઉલટ તપાસ કરવાની પરવાનગી આપવામાં આવી.આ નાટક અને ફારસને ઉજાગર કરતા ઘણાં પત્રો ભગતસિંહે જેલના સત્તાધિકારીઓને, હાઇકોર્ટને અને ટ્રીબ્યુનલને લખ્યા.

મહાત્મા ગાંધીએ લોર્ડ ઇરવીનને ભગતસિંહની ફાંસી પાછી ઠેલવા માટે ઘણી વખત વાત કરી હતી. પણ હું એવા મંતવ્યનો છું કે ગાંધીજીએ એમનાથી બને એ શક્ય બધુ જ નહોતું કર્યું. એ તો ભગતસિંહને માફી લખાવવા અને હિંસક રસ્તો છોડાવવાના કાગળ લખાવવા માટે પ્રયત્ન કરતા હતા. હું માનુ છું કે આનેજ કારણે ગાંધીજીના પ્રયત્નો સફળ ન થયા. ભગતસિંહે માફી પત્ર કે એવો બીજો કોઇ કાગળ લખવા માટે ના પાડી દીધી. એનાથી એવું પણ કહી શકાય કે ગાંધીજીએ પોતાનો રસ્તો બીજા બધાએ અપનાવેલા રસ્તા કરતા વધારે સારો છે. એવું કહેવડાવવાનાં પ્રયત્નો કર્યા.

પહેલા ભગતસિંહની અને એમના બે સાથીઓની ફાંસી ૩૧મી માર્ચના દિવસે નક્કી થઇ હતી. પણ લોકોનો આક્રોશ જોર પકડી રહ્યો હતો. આ આક્રોશને જોતા એમની ફાંસી ૨૩મીએ નક્કી થઇ. અને એ પણ સાંજે ૭:૧૫વાગે. સામાન્ય રીતે સૂર્યાસ્ત પછી ફાંસી ન અપાય. પણ આ નિયમને પણ બ્રિટીશોએ આભે ચડાવ્યો. ફાંસી પછી પાર્થિવ શરીરને કેવી રીતે નિકાલ કરવામાં આવ્યો એની બે વાર્તા છે. પણ આપણે એની વિગતોમાં નહીં જઇએ. એવું કહેવાય છે કે એમના શરીરની આખરી ક્રિયા જેલના અધિકારીઓએ સતલજ નદી કાંઠે હુસૈનીવાલા પાસે કરી હતી.

કમનસીબે ભારતમાં શિક્ષણ ક્ષેત્રની કિતાબોમાં ભગતસિંહ જેવા રાષ્ટ્રવાદી ક્રાતિકારીને આંતકવાદી કહેવામાં આવ્યા છે. પાંચમાં ધોરણની NCERT ની ચોપડીમાં અને દિલ્હી યુનીવર્સીટીની ઇતિહાસની ચોપડી જેનું નામ 'India's Struggle for Independence' છે. એમાં ભગતસિંહ અને ચંદ્રશેખર આઝાદ જેવા ક્રાતિકારીઓને આંતકવાદી બતાવ્યા છે.

હું આ આપણી ધરતીના બહાદૂર ક્રાંતિકારી સપૂતને દિલથી શ્રધ્ધાપૂર્વક સલામી આપુ છું. માત્ર ભગતસિંહને જ નહી પણ એમના જેવા ઘણા ક્રાંતિકારીઓ એ બલિદાન આપી અને ભારતની આઝાદીની ચળવળમાં બહુજ મોટુ યોગદાન આપ્યું. આ કારણે આપણે આ ઇતિહાસને ફરીવાર સાચી રીતે લખવાની જરૂર છે. ભગતસિંહને હજી પણ કાયદેસર શહીદનું સ્થાન નથી આપવામાં આવ્યું. હું માનુ છુ કે ભગતસિંહ અને બીજા ક્રાતિકારીઓને શહીદનું સ્થાન આપી, કોગ્રેસની ભૂમિકાની બહાર જઇને ફરીથી ઇતિહાસ લખી અને આ શહીદોને સાચું સ્થાન આપવાની માંગ કરૂં છું.



**વેટરન વિંગ કમાંન્ડર**
**જયદેવ દેસાઈ**

RNI REGN.NO. GUJGUJ/2015/64872 Published by Archit Bhatt, Managing Editor and Printed by him at Bhavik Publication Pvt. Ltd., Plot No. 36/2, Opp. Umiya Campus, Near Silver Oak Club, S. G. Highway, Gota, Ahmedabad 382 481.
All articles have been selected and scrutinized by Sub editor Ms. Jyoti Parmar. The Open Page: 4th Floor, Vishwa Arcade, Nr. Akhbarnagar, Opp. Kum-kum Party Plot, Nirnaynagar, Ahmedabad. Ph. No. 079-27621385, 27621386